**આજનો સુવિચાર**

જીંદગી પણ કેવી અજીબ થઈ ગઈ છે,
ખુશ દેખાવું એ ખુશ રહેવા કરતા પણ વધારે જરૂરી છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર


વર્ષ : ૪૮ અંક : ૧૮૩ જૂનાગઢ તા.૧૬-૦૭-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 183, Junagadh : Date : 16 July, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## દહેજના કારણે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ આત્મહત્યાના બનાવો

નવી દિલ્હી,તા. ૧૬:
દહેજને કારણે આત્મહત્યાના બનાવો સૌથી વધુ ઉત્તર પ્રદેશમાં બની રહ્યાં છે. હાલમાં આ અંગેના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ આંકડા ૨૦૨૨ના છે. ઉત્તર પ્રદેશમાં ૨૦૨૨માં આ કારણસર ૨૧૩૮ કેસ નોંધાયા હતા. દહેજને કારણે બિહારમાં ૧૦૫૭ મૃત્યુ થયાં હતાં. મધ્ય પ્રદેશમાં ૫૧૮, રાજસ્થાનમાં ૪૫૧ અને પશ્ચિમબંગાળમાં ૪૦૬ મૃત્યુ થયાં હતાં. આંદામાન અને નિકોબાર આઈલેન્ડ્સ, ગોવા, મિઝોરમ, મણિપુર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ અને લદ્દાખમાં એક પણ મૃત્યુ દહેજને કારણે નથી થયાં. હિમાચલ પ્રદેશ, મેઘાલય અને પોન્ડિચેરીમાં એક-એક કેસ નોંધાયા છે. ગુજરાતમાં ૧૦ કેસ છે જયારે મહારાષ્ટ્રમાં ૧૮૦ કેસ નોંધાયા છે. ભારતભરમાં ૨૦૨૨માં ટોટલ ૬૪૫૦ કેસ દહેજને કારણે મૃત્યુના નોંધાયા છે.

## આવતીકાલથી ચતુર્માસનો પ્રારંભ : આગામી ચાર મહિના તહેવારોની રમઝટ રહેશે




નવી દિલ્હી,તા. ૧૬:
ઠંડી, ગરમી અને ચોમાસાના આરંભે લગ્નોની ધૂમ વચ્ચે લગ્નસરાની ચાલુ સિઝન હવે પૂર્ણ થશે. આવતીકાલે દેવપોઢી એકાદશી સાથે જ હિન્દુ ચાતુર્માસનો આરંભ થવાનો હોય ચાર મહિના માટે લગ્નકાર્યો પર રોક લાગી જશે. તેની જગ્યાએ ૪ મહિના હિન્દુ પર્વોની રોનક, વણઝાર જોવા મળશે. ૪ મહિનામાં હિન્દુ સમુદાયના મોટા ભાગના અને મહત્ત્વના કહી શકાય એવા પર્વોની ધામધૂમપૂર્વક ઉજવણી થશે. ઓગસ્ટ માસમાં રક્ષાબંધન, જન્માષ્ટમી, સપ્ટેમ્બરમાં ગણેશોત્સવની રોનક બાદ ઓક્ટોબરમાં નવરાત્રિની રમઝટ છવાશે. લગ્નસરાની ચાલુ સિઝનમાં ઓછા મુહૂર્તની બુમરાણ વચ્ચે ફેબ્રુઆરી, માસમાં લગ્નોની ધૂમ જોવા મળી હતી. જયારે અઢી મહિનાના વિરામ બાદ હાલમાં જુલાઈ માસમાં પાંચ મુહૂર્તમાં ઠેરઠેર લગ્ન આયોજન થયા હતા. જયારે સોમવારે લગ્નના છેલ્લા મુહૂર્ત સાથે ચાલુ સિઝન પૂરી થઈ ગઈ છે. બુધવારે દેવપોઢી એકાદશી બાદ લગ્નકાર્યો પર રોક હોય હવે દિવાળી પછી દેવઊઠી એકાદશીની ઉજવણી સાથે જ લગ્નની નવી સિઝન શરૂ થશે. દિવાળી પછી દિવાસો આવતી દેવઊઠી એકાદશી સુધી હિન્દુ ચાતુર્માસ ઉજવવામાં આવે છે.

# જમ્મુ-કાશ્મીરના ડોડામાં મોટો આતંકવાદી હુમલો : અધિકારી સહિત ૪ જવાન શહીદ



શ્રીનગર, તા.૧૬:
જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટરમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક અધિકારી સહિત ચાર જવાનોનું આજે સવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ન્યૂઝ એજન્સીએ અધિકારીઓના હવાલાથી જણાવ્યું કે રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ કાશ્મીર પોલીસનો જવાનોએ સોમવારે મોડી સાંજે ડોડા શહેરથી લગભગ ૫૫ કિમી દૂર દેસા વન ક્ષેત્રમાં ધારી ગોટે ઉપારબાગીમાં એક જોઈન્ટ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

થોડીવાર બાદ ફાયરિંગ પછી આતંકીઓએ ભાગવાની કોશિશ કરી. એક અધિકારીના નેતૃત્વમાં બહાદુર સૈનિકોએ પડકારભર્યા વિસ્તારમાં ગાઢ જંગલો વચ્ચે તેમનો પીછો ક ર્યો. ત્યારબાદ રાતે ૯ વાગ્યાની આજુબાજુ જંગલમાં વધુ એક અથડામણ થઈ. અધિકારીઓએ જણાવ્યું કે આ અથડામણમાં પાંચ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા. મંગળવારે સવારે એક અધિકારી સહિત ચાર જવાનોએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

અત્રે છેલ્લા કેટલાક અઠવાડિયાથી જમ્મુ ક્ષેત્રમાં અનેક સ્થાનો પર થયેલા આતંકી હુમલા બાદ સુરક્ષાદળો હાઈ એલર્ટ પર છે. ૧૬ આર્મી કોર, જેને વ્હાઈટ નાઈટ કોરના નામથી પણ ઓળખવામાં આવે છે તેમણે કહ્યું કે વધારાના સૈનિકોને ડોડાના અથડામણ વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. આતંકવાદી સંગઠન કાશ્મીર ટાઈગર્સે ડોડા હુમલાની જવાબદારી લીધી છે. આ સંગઠન જૈશ એ મોહમ્મદનું જ ઓફ શૂટ છે જેણે હાલમાં જ કઠુઆમાં સેનાના કાફલા પર થયેલા હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી.


# મુંબઈ-પૂણે એક્ષપ્રેસ-વે પર બસ-ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માત : પાંચ યાત્રાળુઓના મોત

મુંબઈ તા.૧૬ :
મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર પેસેન્જર બસ અને ટ્રેક્ટર વચ્ચેની અથડામણમાં પાંચ યાત્રાળુઓના મોત થયા છે. જયારે ૭ વ્યક્તિઓની હાલત ગંભીર છે. તે જ સમયે અકસ્માતમાં ૪૨ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું જાણવા મળી રહ્યું છે.

પોલીસે જણાવ્યું કે, અકસ્માત સમયે બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરો અષાઢી એકાદશીની ઉજવણી કરવા પંઢરપુર જઈ રહ્યા હતા. દરમિયાન પનવેલ નજીક બસ ટ્રેક્ટર સાથે અથડાઈ અને ૨૦ ફૂટ ઊંડી ખાઈમાં ખાબકી હતી. બસમાં કુલ ૫૪ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ગંભીર રીતે ઘાયલ ૭ લોકોને પનવેલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય ઘાયલોને એમજીએમ કામોથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસે જણાવ્યું કે, કલ્યાણ ડોમ્બિવલીથી ચાર પેસેન્જર બસ અષાઢી એકાદશીની ઉજવણી માટે પંઢરપુર જઈ રહી હતી. દરમિયાન રાત્રે સાડા બાર વાગ્યાના સુમારે એક બસ ટ્રક સાથે અથડાતા રોડની બાજુમાં આવેલ ખાડામાં ખાબકી હતી.

# વર્ષ-૨૦૨૩માં ભારતમાં ૬ લાખ બાળકોને કોઈપણ પ્રકારની રસી અપાઈ નથી : યુનીસેફ




નવી દિલ્હી તા. ૧૬ :
યુનિસેફના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૩માં રસી નહીં અપાયેલા બાળકોની સંખ્યામાં ભારત બીજા ક્રમે છે. ભારતમાં ૧૬ લાખ બાળકો એવા છે જેમણે કોઈ રસી નથી લીધી. નાઈજીરિયા નંબર વન પર છે જયાં આવા બાળકોની સંખ્યા ૨૧ લાખ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનિસેફના એક રિપોર્ટમાંથી આ માહિતી મળી છે. આ રિપોર્ટમાં ૧ જુલાઈ, ૨૦૨૪ સુધી દેશો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે વર્ષ ૨૦૨૩ માટે રસીકરણ કવરેજનો અંદાજ લગાવવામાં આવ્યો છે. આ રિપોર્ટ માટે વિશ્વ બેંકના ૨૦૨૪ માટેના વિકાસ સૂચકાંકો અને સંયુક્ત રાષ્ટ્રના વસ્તી વિભાગના ૨૦૨૪ના ડેટાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ગત વર્ષની સરખામણીમાં કોઈપણ રસીકરણ વગરના બાળકોની સંખ્યામાં થોડો વધારો થયો છે. હવે આવા બાળકોની સંખ્યા ૧ કરોડ ૩૯ લાખથી વધીને ૧ કરોડ ૪૫ લાખ થઈ ગઈ છે. આ સંખ્યા પણ વર્ષ ૨૦૧૯ કરતા ૧૭ લાખ વધુ છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક બાળકો પ્રથમ રસી લીધા પછી ત્રીજી રસી નથી મેળવી શકતા. આ રીતે, ૨૦૨૩ માં રસીકરણ વિનાના અથવા અપૂર્ણ રસીકરણ વિનાના બાળકોની કુલ સંખ્યા વધીને ૨ કરોડ ૧૦ લાખ થઈ છે, જે અગાઉના આંકડા કરતાં ૨૭ લાખ વધુ છે.

# ઓમાનમાં મસ્જિદ નજીક ફાયરીંગની ઘટના : પાંચના મોત

મસ્કત, તા.૧૬:
ઓમાનમાં એક મસ્જિદ પાસે ફાયરિંગની ઘટના બની છે. ઓમાનના વાદી-અલ-કબીરમાં એક મસ્જિદ પાસે થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. રોયલ ઓમાન પોલીસે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ અંગેની માહિતી આપી હતી. પ્રારંભિક માહિતી અનુસાર, રોયલ ઓમાન પોલીસે વાદી અલ કબીર વિસ્તારમાં એક મસ્જિદની આસપાસ ફાયરિંગની ઘટના જોઈ છે. જેના કારણે પાંચ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. વાદી અલ કબીર શિયા સંપ્રદાયની મસ્જિદ છે, જેની નજીક ફાયરીંગની ઘટના બની હતી. મહોરમના કારણે સેંકડો લોકો ત્યાં એકઠા થયા હતા. હુમલો થતાં જ લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને તેમાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યાં ફાયરિંગ થયું ત્યાં ૭૦૦ થી વધુ લોકો એકઠા થયા હતા. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે તેઓ પરિસ્થિતિનો સામનો કરવા માટે તમામ સુરક્ષા પગલાં લઈ રહ્યા છે. પુરાવા એકત્ર કરવાની અને તપાસની -ક્રિયા પૂર્ણ કરવામાં આવી રહી છે. પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે રોયલ ઓમાન પોલીસ મૃતકો અને ઘાયલોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે.

# ગુજરાત પર એક સાથે ચાર સીસ્ટમ સક્રીય : આગામી ૪૮ કલાક દરમ્યાન સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદની આગાહી





અમદાવાદ તા.૧૬
આગામી ૪૮ કલાક સુધી એટલે કે ૧૭ અને ૧૮ જુલાઈના રોજ ભારે વરસાદની આગાહી છે. આ બે દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઊભી થવાની આગાહી છે. હવામાન વિભાગે બે દિવસ સુધી કેટલાક વિસ્તારોમાં ભારે અને ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. તો બીજી તરફ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ પૂર આવે એવું વરસાદ પડવાનું પૂર્વાનુમાન કર્યું છે.

છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન રાજયના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. જો કે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હજુ મેઘરાજા મન મૂકીને વરસ્યા નથી. પરંતુ અષાઢ મહિનાના ૧૦ દિવસ પણ વીતી ગયા છે, ત્યારે હવે ચોમાસું જમાવટ કરી રહ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત પર એક સાથે ચાર સિસ્ટમ સક્રિય થઈ છે. એર સાઈક્લોનિક સર્ક્યુલેશન ઓફ શોર ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું હોવાથી સાર્વત્રિક વરસાદની શક્યતા છે.

આ અંગે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે, રાજયના દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદને પગલે પૂર આવવાની શક્યતા છે. જેમાં ડાંગ, વલસાડ, આહવા, સુરત, સહિતના દક્ષિણ ભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડશે. અમદાવાદના લાંભા, નારોલ, સરખેજમાં પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, રાજકોટ, હળવદ, ધ્રાંગધ્રા, થાન, ચોટીલા, લીંબડી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદી માહોલ રહેશે.

જ્યારે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે ૧૬ જુલાઈ ૨૦૨૪થી ૨૦ જુલાઈ ૨૦૨૪ સુધી રાજયના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતાઓ છે. બીજી તરફ ગુજરાતના અમુક જિલ્લાઓમાં અતિ તીવ્રતા સાથે ૧૫ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ શકે છે. જેનું મુખ્ય કારણ છે હાલ બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ તૈયાર થઈ છે. જેના કારણે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને અરબ સાગરના ઘણા ભાગોમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન બની રહ્યું છે. આ પરિસ્થિતિને કારણે રાજયના અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતાઓ છે.

# અમેરીકામાં રીપબ્લીકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ટ્રમ્પના નામની સત્તાવાર જાહેરાત



ન્યુયોર્ક તા.૧૬ :
અમેરિકી રાજ્ય વિસ્કોન્સિનના મિલ્વોકી શહેરમાં રિપબ્લિકન પાર્ટીએ ડોનાલ્ડ ટ્રમ્પને સત્તાવાર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ઘોષિત કરી દીધા છે. ભારતીય સમય પ્રમાણે સોમવારે રાતે થયેલી પાર્ટીના કન્વેન્શનમાં ટ્રમ્પને ડેલિગેટ્સના ૨૩૮૭ મત મળ્યા. ઉમેદવાર તરીકે સિલેક્ટ થવા માટે ૧૨૧૫ મતની જરૂર હોય છે.

૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયામાં થયેલા હુમલા પછી પહેલીવાર ટ્રમ્પ જાહેરમાં જોવા મળ્યા હતા. તેઓ કાન પર પાટો બાંધીને કન્વેન્શન હોલમાં પહોંચ્યા હતા. જોકે, આ હુમલામાં એક ગોળી ટ્રમ્પના કાનને સ્પર્શીને પસાર થઈ હતી. હુમલાના ૪૮ કલાક બાદ પાર્ટીએ તેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જારી કર્યા છે.

સંમેલનમાં ટ્રમ્પના પહોંચતા જ સમર્થકોએ 'USA-USA'ના નારા લગાવ્યા. સાથે જ ટ્રમ્પની જેમ હવામાં મુઠ્ઠી વાળીને લોકો 'ફાઈટ-ફાઈટ' કહેતા જોવા મળ્યા. કન્વેન્શનમાં ટ્રમ્પના બંને દીકરા એરિક અને ડોનાલ્ડ જુનિયર પણ હાજર હતા. સંમેલન પૂર્ણ થયા પછી જ્યારે ટ્રમ્પ ત્યાંથી રવાના થવા લાગ્યા ત્યારે લોકોએ 'વી લવ ટ્રમ્પ'ના નારા લગાવ્યા હતા.

# પૂર્વ ભારતીય ક્રિકેટરો, હરભજન-યુવરાજ-રૈનાને દિવ્યાંગોની મજાક ભારે પડી : પોલીસ ફરિયાદ



નવી દિલ્હી, તા.૧૬
પૂર્વ ભારતીય ખેલાડીઓ યુવરાજસિંહ, હરભજનસિંહ અને રૈના અને ગુરકીરત માનની મુશ્કેલી વધી છે..દિવ્યાંગોની કથિતરીતે મજાક ઉડાવતો એક વિડીયો ઈન્સ્ટાગ્રામ પર મુકવા બદલ તેમની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

વિડીયો પર હોબાળો થતાં જ હરભજને 'એકસ'પર આ મામલે ખુલાસો કરતા કહ્યું હતું કે ,કોઈનો અપમાન કરવાનો તેનો ઈરાદો નહોતો. આ વિડીયોમાં આ લોકો દિવ્યાંગોની જેમ ચાલતા અને વર્તન કરતા જોવા મળે છે. મેટા ઈન્ડિયાનાં વાઈસ પ્રેસીડેન્ટ અને મેનેજીંગ ડિરેકટર સંધ્યા દેવનાથન સામે પણ ફરિયાદ દાખલ કરાઈ છે.


નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલ એ આ ક્રિકેટરોનાં એક વિડીયો સામે એફઆઈઆર નોંધવાની માંગ કરી હતી.

# મધ્યપ્રદેશના મંદસૌરમાં મમતા મરી પરવારી : ચાર બાળકો સાથે માતાએ કુવામાં ઝંપ્લાવ્યું : બાળકોના મોત

મંદસૌર,તા.૧૬:
મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાં આપઘાત કરવાના પ્રયાસમાં એક માતા પોતાના ચાર બાળકોની સાથે કુવામાં કુદી ગઈ હતી. આ દરમિયાન ચારેય બાળકોના પાણીમાં ડુબી જવાથી મોત થયા છે, જયારે માતાને સ્થાનિક લોકોએ બચાવી લીધી. એક અધિકારીના કહેવા પ્રમાણે, આ ઘટના જિલ્લાના મુખ્યમથકથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર ગરોઠના પીપલખેડા ગામમાં બની છે. સ્થાનિક લોકોએ સુગના બાઈ(૪૦)ને કુવામાંથી બહાર કાઢી હતી, પરંતુ તેના ચારેય બાળકોને બચાવી શકાયા નહીં.


**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

**ડૉ. દિપેન જે. સુબા**
(M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED), Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલની અનુભવ મેળવી ક્લીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
॥ આદિત્ય ॥ ક્લીનીક


ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પસ્બનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

**દુકાન બંધ કરવા સબબ**
ખરીદી કરવા જરૂર પધારો
નહીંતર અફસોસ....
કેન્દ્રીય વિદ્યાલય (K.V.S.) કનેરીયા કોન્વેન્ટ, માનસ વિદ્યાલય, આલ્ફા, નોબલ વગેરેનાં સ્કુલ ડ્રેસ
તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# દ્વારકા બ્રહાકુંડ પાસે જર્જરિત મકાનની આંશિક પાડતોડ બાદ કામગીરી બંધ...!!





(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૬

દ્વારકામાં દ્વારકાધીશના જગતમંદિરની તદન નજીક પોષ વિસ્તાર ગણાતા જ્યા દરરોજ હજારો યાત્રિકોની ચહલ પહલ હોય એવા બ્રહ્મ કુંડ પાસે વર્ષો જુનું ભાડુઆતી રહેણાંકનું જર્જરીત બિલ્ડીંગ આવેલ હોય જેમાં આશરે ૧૫ જેટલા ભાડુઆતો રહેતા હતા. જર્જરીત બિલ્ડીંગને લઈને હાલ માત્ર છ થી સાત ભાડુઆતો જ રહે છે. આ જર્જરીત બિલ્ડીંગમાં ભાડુઆતો ભયના ઓથાર હેઠળ જીવન પસાર કરી રહેલ હોવાથી અખબારી અહેવાલ બાદ તંત્ર જાગ્યું છે. રવિવારના સવારથી નગરપાલીકાના ચિફ ઓફિસરની હાજરીમાં ખાનગી માલિકીની બિલ્ડીંગનો ઉપરના જર્જરીત ભાગ હથોડા મારી પાડવાનું શરૂ કર્યુ હતું. અનિચ્છનીય દુર ઘટના ઘટે તે પહેલા પાલીકા તંત્રએ બિલ્ડીંગના માથેના જર્જરીત ભાગ તોડવાની કામગીરી શરૂ કરતા ત્યાં રહેતા ભાડુઆતોમાં જીવમાં જીવ આવ્યો હતો. આ પછી આ કામગીરી અધુરી છોડી દેવાઈ હોવાનું જાણવા મળે છે. માત્ર આંશિક તોડપાડ કરાઈ હોવાથી જગત મંદિરે તથા ગોમતી ઘાટે જતા-આવતા યાત્રિકોના જીવનું જોખમ હજુ તોળાઈ રહ્યું છે. આ માટે મકાન માલિક અને ચીફ ઓફિસર વચ્ચે મનમેળ થયાનું ચર્ચાઈ છે.

# વેરાવળ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ ઉષાબેન કુસકીયા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના જન્મ દિવસની દિવ્યાંગ બાળકો સાથે કરેલ ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૧૬

પ્રદેશ મહીલા મોરચા અધ્યક્ષ ડો. દિપીકાબેન સરડવાની સૂચના મુજબ તા.૧૫-૭-૨૦૨૪ અને સોમવારના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો જન્મદિવસ હોય તે નિમિતે સેવાકીય પ્રવૃતિઓ દ્વારા ઉજવવાનો હોય જેથી વેરાવળ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ ઉષાબેન કુસકીયા તથા તેમની ટિમ દ્વારા વેરાવળમાં આવેલા "સાંપ્રત એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ - ગીર સોમનાથ" માં દિવ્યાંગ બાળકોને ફ્રૂટ્સ તેમજ બિસ્કીટ્સનું વિતરણ કરવામાં આવેલ તેમજ આ દિવ્યાંગ માસુમ બાળકો સાથે સમય વિતાવી અને તેઓને પ્રોત્સાહિત કરેલ અને તેમની નિર્દોષ અને કાલી ઘેલી ભાષા સાંભળી અને તેમની સાથે વાર્તાલાપ કરેલ અને આ કાર્યક્રમમાં મહિલા મોરચાના મહામંત્રી સવિતાબેન મહેતા, ભાનુબેન તોતીયા, રસીલાબેન વાઘેલા, નાથીબેન છેલાણા, આરતીબેન વણિક, કિરણબેન વઢવાણા, સ્વાતિબેન સંઘવી, પાર્વતીબેન મહેતો, નિમિતાબેન ચાવડા, ગીતાબેન ગોંડલીયા, મમતાબેન મિશ્રા, ચંદ્રિકાબેન માવધિયા, જયોતિબેન અપારનાથી, નિમુબેન રાવત, અજાયબેન વેગડ વિગેરે બહેનોએ હાજરી આપેલ અને ઉત્સાહ ભેર ઉજવણી કરેલ હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદી ઝાપટાનો દૌર : ખંભાળીયામાં સવારે ૧ ઈંચ વરસાદ વરસ્યો



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદી બ્રેક બાદ ગઈકાલે જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં હળવા તથા ભારે વરસાદી ઝાપટા વરસ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી વધી ગયેલા બફારા અને ઉકળાટ બાદ ગઈકાલે ખંભાળિયા શહેરમાં વરસાદી માહોલ રહ્યો હતો અને દિવસ દરમ્યાન હળવા છાંટા બાદ રાત્રીના આશરે સાડા દસ વાગ્યે વીજળીને ચમકારા વચ્ચે વરસાદનું એક જોરદાર ઝાપટું વરસી જતા શહેરના માર્ગો પાણીથી તરબતર બન્યા હતા. આજે સવારે પણ આ લખાય છે ત્યારે ઉકળાટ વચ્ચે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે સોમવારે સાંજે કલ્યાણપુર અને ભાણવડ તાલુકાના ૨૦-૨૦ મિલીમીટર વરસાદ નોંધાયો છે. જ્યારે દ્વારકામાં મોડી રાત્રે બે મિલીમીટર પાણી પડી ગયું હતું. આ વરસાદ ખેતરોમાં પાક માટે ફાયદા રૂપ ગણાય છે. ખંભાળિયા પંથકમાં ગઈકાલે વરસી ગયેલા ઝાપટા બાદ આજે સવારથી વરસાદી વાતાવરણ સર્જાયું હતું અને આશરે નવેક વાગ્યે ધીમી ધારે શરૂ થયેલા વરસાદમાં અડધો કલાકમાં ૧૯ મી.મી. સહિત આજે સવારે એક ઈંચ જેટલું પાણી વરસી ગયું હતું. ભારે ઝાપટાના કારણે શહેરના માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હાલની પરિસ્થિતિમાં આ લખાય છે ત્યારે હજુ વધુ વરસાદ વરસે તેવી સંભાવનાઓ પણ જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સિઝનમાં હાલ ખંભાળિયામાં સૌથી વધુ સવા ૨૮ ઈંચ (૭૦૮ મી.મી.) વરસાદ વરસી ચૂક્યો છે.

# ભારતને કૃષિ ક્ષેત્ર પ્રધાન, અર્થતંત્રને મજબૂતી પ્રદાન કરવા માટે, ધરતી મા-ગૌમાતાના ખેડૂતો-લોકોના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે 'પ્રાકૃતિક કૃષિ' અનિવાર્ય

## વર્તમાન સમયની માંગ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ પેઢીઓ સુધી લોકોના સ્વાસ્થ્ય માટે લાભદાયી બનશે

ભારત એ કૃષિ પ્રધાન દેશ છે. ખેતી-પશુપાલન એ ભારત દેશનો મુખ્ય વ્યવસાય છે. ટૂંકમાં કહીએ તો દેશના આર્થિક વિકાસનો મુખ્ય આધાર ખેતીક્ષેત્રના વિકાસ પર રહેલો છે. ખેડૂતો વધુ ઉત્પાદન મેળવે તો આવક વધે, આવક વધે તો ખેડૂતોનું જીવનધોરણ ઊંચું આવે અને પરિણામે દેશની આર્થિક ઉન્નતિ શક્ય બને. આઝાદી પહેલા દેશમાં અનાજની ઘટના પરિણામે દેશ હરીયાળી ક્રાંતિ તરફ અગ્રેસર બન્યો. નવી ટેક્નોલોજી સાથે બિયારણો, ખાતરોના ઉપયોગ અને સિંચાઈ સુવિધાથી કૃષિક્ષેત્રે ભારતે હરણફાળ ભરી હતી. જેનાથી દેશમાં ખેત ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો નોંધાયો. પરંતુ આજે સમય બદલાયો છે.




રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગના કારણે જમીનની ગુણવત્તા ખોરવાઈ છે. લોકોમાં બિમારીઓનું પ્રમાણ વધ્યું છે. રસાયણમાંથી તૈયાર અનાજ આરોગતા લોકોમાં કેન્સર સહિત અન્ય બિમારીઓથી પીડાવાનો આંકડો દિન પ્રતિદીન વધી રહ્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં "વિકસિત ભારત" બનાવવાનું લક્ષ્ય છે. આ માટે તાજેતરમાં જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતને વિકસિત ભારતનું પ્રથમ વિકસિત રાજ્ય બનાવવાના 'ગુજરાત ગુણવત્તા સંકલ્પ'નો પ્રારંભ કરાવવામાં આવ્યો છે. દેશના અર્થતંત્રને મજબૂતી પ્રદાન કરવા માટે "પ્રાકૃતિક કૃષિ" એ વર્તમાન સમયની માંગ છે. ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે સતત ચિંતિત રહી માર્ગદર્શન આપી રહ્યા છે. ગુજરાત સમગ્ર દેશ માટે 'મોડેલ' રાજ્ય છે. પ્રાકૃતિક ખેતી અંગે પણ આખું ભારત ગુજરાત પાસેથી પ્રેરણા લે એ હેતુથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી માટે 'મિશન મોડ' ઉપર કામ શરૂ કરવામાં આવ્યું છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો છે. તેમ આખું ગુજરાત રાજ્ય સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતું રાજ્ય બને એ દિશામાં સરકાર દ્વારા સચોટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમ, ખેડૂતોના કલ્યાણ માટે, લોકોના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે, ધરતી મા અને ગૌમાતાના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અનિવાર્ય જ છે.

**વિશેષ અહેવાલ :**
**ભાવિકા લીંબાસીયા**

# મુખ્યમંત્રીના જન્મદિવસ નિમિત્તે ખંભાળિયામાં ધાર્મિક-સામાજિક સેવા કાર્યો કરાયા



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના ગઈકાલે સોમવારે જન્મ દિવસ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના કાર્યકરો દ્વારા ફૂટ વિતરણ, મહા આરતી સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે તારીખ ૧૫ જુલાઈના રોજ ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા ભાજપ દ્વારા શ્રી રામ મંદિર ખાતે સોમવારે સાંજે મહા આરતી કરી અને તેમના દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા બક્ષીપંચ મોરચાના કાર્યકરો દ્વારા સરકારી હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યોમાં છેલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ વાઢેર, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પિયુષભાઈ કણજારીયા, અશોકભાઈ કાનાણી, હસુભાઈ ધોળકિયા, મુકેશભાઈ કાનાણી, રાણાભાઈ ગઢવી જયસુખભાઈ મોદી, મેઘાબેન વ્યાસ સાથે શહેર યુવા મોરચાના દેવ શાહ, શક્તિ ગઢવી, રાજ પાબારી, દિવ્ય જોશી મીત સવજાણી, તપન શુક્લા ઉપરાંત બક્ષીપંચ મોરચાના શહેર પ્રમુખ મિલનભાઈ વારીયા વિગેરે કાર્યકરો આ સેવા કાર્યોમાં સહભાગી થયા હતા.

# મીઠાપુર ટાટા કેમિકલ્સ હોસ્પિટલ ખાતે ૨૧ જુલાઈએ યોજાનારા રક્તદાન અભિયાનમાં જોડાવા અપીલ

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૬

ટાટા કેમિકલ્સ હોસ્પિટલ, મીઠાપુર, જી.જી.હોસ્પિટલ મેડિકલ સાથેના સહયોગમાં ૨૧મી જુલાઈ, રવિવારના સવારે ૯થી બપોરના ૨ સુધી(રજિસ્ટ્રેશન સવારે ૭.૩૦ કલાકેથી શરૂ થશે) ટાટા કેમિકલ્સ હોસ્પિટલ, મીઠાપુર ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરી રહી છે. આ અભિયાનનો ઉદ્દેશ બ્લડ બેંકની જરૂરિયાતો પૂરી કરવા તથા પ્રાપ્ત થયેલા વધારાના બ્લડને સરકારી હોસ્પિટલને દાન કરવાનો છે. અત્યંત પ્રશિક્ષિત મેડિકલ ટેક્નિશિયન્સ, ફિઝિશિયન્સ અને હોસ્પિટલ સ્ટાફની પ્રતિબદ્ધ ટીમ સમગ્ર રક્તદાન અભિયાનમાં દાતાઓની સુરક્ષા અને સુગમતા સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ રહેશે. ટાટા કેમિકલ્સ હોસ્પિટલ રક્તદાન શિબિરમાં, તેની પહેલા અને પછીની સંભાળ માટે જરૂરી વ્યવસ્થાઓનું આયોજન કરશે અને તમામ જરૂરી સપ્લાય અને ટ્રીટમેન્ટ પૂરી પાડશે. સ્થાનિક રહીશો તથા સમુદાયોને આ ઉમદા હેતુ માટે તેમનું સમર્થન દર્શાવવા તથા તેમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં યૌમે આશુરાના નવાફીલ તથા શાનદાર જલ્સાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૬

ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મસ્જીદે રઝામાં તા.૧૭-૭-૨૦૨૪ બુધવારના રોજ સવારે ૯:૩૦ કલાકે હુઝુર ગુલઝારે મિલ્લત મદઝીલ્લહુલઆલી યૌમે આશુરાના નવાફીલની નમાઝ તરતીબ સાથે અદા કરાવશે. તેમજ બપોરે ૧-૦૦ થી ૩-૦૦ વાગ્યા સુધી મસ્જીદે રઝામાં તાજદારે કરબલા હઝરત ઈમામે આલી મુકામ રદીઅલ્લાહો તઆલા અન્હોની યૌમે શહાદતના મૌકા ઉપર શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી ઈમામે આલી મુકામની શાનમાં શાનદાર તકરીર ફરમાવશે. જલ્સા બાદ હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામાં પીર નૂરમુહંમદ મારફાની સાહબ રહમતુલ્લાહી તઆલા અલયહે તેમની હયાતે ઝિંદગીમાં જે તબરૂકાત સુરક્ષીત રાખેલ હતી તે તબરૂકાત જેવી કે હઝરત સૈયદના આદમ અલયહીસ્સલામ કે જેના કદમ મુબારક જે કપડામાં છે તે તથા હઝરતે સૈયદા ખાતુને જન્નત રદીઅલ્લાહુ તઆલા અન્હાના મકાનનું પથ્થર, સૈયદના ઈમામે હસન, સૈયદના ઈમામે હુસેન તથા હઝરત ઐય્યુબ અનસારી, હઝરત દાઈ હલીમાના મકાનનું પથ્થર તેમજ કરબલા શરીફમાં જે જગ્યાએ સરકાર ઈમામે આલી મુકામ શહીદ થયા તે જગ્યાની માટી શરીફ જેવા અનમોલ તબરૂકાતની ઝિયારત કરાવવામાં આવશે. આ સિવાય (૭૫) જેવી અનમોલ તબરૂકાત હુઝુર અમીરે અહલે સુન્નત રહમતુલ્લાહી તઆલા અલયહે તેમની હયાતે ઝિંદગીમાં સુરક્ષીત કરેલ તે આજે પણ તેમના સુપુત્ર અને ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન હઝરત ગુલઝાર અહમદ સાહબ નૂરી પાસે ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહમાં સુરક્ષીત છે. તો આ સુનેહરી મૌકાનો લાભ લેવા તેમજ તબરૂકાતની ઝિયારત કરવા સર્વે મુસ્લીમ બિરાદરો બહોળી સંખ્યામાં હાજરી આપી સવાબે દારૈન હાસીલ કરશો તેમ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા જણાવાયું છે.

# બિહારના dy.cm વિજયકુમાર સિન્હા એ ભગવાન દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૬

બિહારના dy.cm વિજયકુમાર સિન્હા યાત્રાધામ દ્વારકામાં પધાર્યા હતા. તેઓએ સૌપ્રથમ દ્વારકાધીશ જગતમંદિરમાં કાળિયા ઠાકોરના દર્શન કરી શ્રીજીની પાદુકા પૂજન કરી ઠાકોરજીને શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

## અવસાન નોંધ

ચોકી સોરઠ : વનીતાબેન જગદીશભાઈ કારેલીયા (ઉંમર વર્ષ ૮૩) તે બીપીનભાઈ તથા હિતેશભાઈ તેમજ જયેશભાઈના માતૃશ્રી તા.૧૪ /૭/૨૦૨૪ના રોજ શ્રી રામચરણ પામેલ છે. સદગતનું બેસણું ગુરૂવાર તા.૧૮/૭ /૨૦૨૪ના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યે ગૌશાળા ચોકી (સોરઠ) ખાતે રાખવામાં આવેલ છે .

ઉના : ગં.સ્વ.પ્રભાબેન વામનરાય ગઢીયા(ઉ.વ.૯૩) જે સ્વ.વામનરાય છગનલાલ ગઢીયાના ધર્મપત્ની તથા દક્ષાબેન, સાધનાબેન અને હીનાબેનના માતુશ્રી તથા બિપીનભાઈ અને મુકેશભાઈ ગઢીયા(કેડલ પાન વાળા)ના કાકી અને મહેન્દ્રભાઈ, વિપુલભાઈ, નીતિનભાઈ ગઢીયાના ભાભુનું દુઃખદ અવસાન થયેલ છે.

# કલ્યાણપુરના ખાખરડા ગામે વૃધ્ધની હત્યા : ભારે ચકચાર



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

કલ્યાણપુર તાબેના ખાખરડા વિસ્તારમાં રહેતા આશરે ૮૦ વર્ષના એક વૃદ્ધની ગતરાત્રે તીક્ષ્ણ હથિયારો વડે નિર્મમ હત્યા થયાનો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા ખાખરડા ગામની પરબડી સીમમાં રહેતા વજુભા બનેસંગ જાડેજા નામના આશરે ૮૦ વર્ષના વૃદ્ધ ગઈકાલે સોમવારે રાત્રિના આશરે ૮:૩૦ વાગ્યાના સમયે પોતાની વાડીના મકાનના ફળિયામાં સુતા હતા. ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ આ સ્થળે આવી, અને વજુભા જાડેજા ઉપર ધારીયા જેવા તીક્ષ્ણ હથિયાર વડે ગળાના તેમાં શરીરના અન્ય ભાગમાં હુમલો કરતા તેમને જીવલેણ ઈજાઓ થવા પામી હતી. જેના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ બનતા કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ તેમજ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી હતી. હત્યાના આ બનાવે નાના એવા ખાખરડા ગામમાં ભારે ચકચાર પ્રસરાવી છે.

# ઉના : ગૌમાતા પોષણ યોજના હેઠળ આપતી પશુ નિભાવ સહાય વધારવા આવેદનપત્ર



(પ્રતિનિધિ દ્વારા)
ઉના તા.૧૬

ઊના તાલુકા ગૌસેવા સમિતિ અને ગૌ રક્ષા કરતી સંસ્થાઓ દીવ દેલવડા મહાજન પાંજરાપોળના પ્રમુખ રવિન્દ્રભાઈ દોશી, દેલવાડાના ગોપાલ ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ જોશી, રાધે કૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ, તુલશીશ્યામ ગૌશાળા, સીમર જગજીવન બાપુ સેવા આશ્રમ ગૌ શાળા, નાથલની તકદીર ગૌ શાળા ટ્રસ્ટના આગેવાની હેઠળ ઊનાના મામલતદાર ધીરજલાલ ભીમાણી અને ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને ગુજરાત સરકારના મુખ્યમંત્રીને લખેલ આવેદનપત્ર આપી જણાવેલ કે હાલ ગુજરાત સરકાર દ્વારા ગૌ માતા પોષણ યોજના હેઠળ એક ગાય દીઠ માત્ર રૂપિયા ૩૦ સહાય આપવામાં આવે છે જે ખુબ અપૂરતી છે. હાલની મોઘવારીમાં ૩૦ રૂપિયામાં ઘાસનો એક પૂળો આવે છે. મોઘવારીના સમયમાં એક પશુ ધન નિભાવવા રૂપિયા ૨૦૦થી વધુ ખર્ચ થાય છે. તો વધારીને સરકાર તુરંત રૂપિયા ૧૦૦ પશુ સહાય વધારે તેવી માંગણી કરી હતી.

# શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા ૩૩૩માં આદર્શ લગ્ન સંપન્ન થયા



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૬

શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા યોજાતા રૂા.૧ રૂપિયા એકના ટોકનથી આદર્શ લગ્નોત્સવમાં આજરોજ ૩૩૩માં લગ્ન સંપન્ન થયા હતા. જેમાં (૧) કન્યા : ખુશાલીબેન પરેશભાઈ કાનાણી, લાંબા બંદર(૨) વરરાજા : રવિભાઈ સુરેશભાઈ ભાયાણી, ભાટીયા લગ્નગ્રંથીથી જોડાયેલ છે. આ લગ્નમાં યજમાનશ્રી જલારામ ભક્ત રહેલ તેમજ આ પ્રસંગે સોનામાં સુગંધ ભળે તેમ વર-કન્યાના હાથે વૃક્ષારોપણ પણ સંપન્ન થયેલ. આ લગ્નપ્રસંગને સફળ બનાવવા ટ્રસ્ટી મંડળના સભ્યો તથા શ્રી જલારામ મહિલા મંડળ દ્વારકા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

# પરંપરાગત લોક સંસ્કૃત્તિનો કલા અને વારસો લોકો સુધી પહોચાડનાં હેતુથી જૂનાગઢમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




જૂનાગઢ, તા.૧૬

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજીત, જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી જુનાગઢ સંચાલિત, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગ જુનાગઢના સહયોગથી મહાનગરપાલિકા વિસ્તારમાં શનિ-રવિવાર સાંસ્કૃત્તિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરંપરાગત લોક સંસ્કૃત્તિનો કલા વારસો લોકો સુધી પહોંચાડવા માટેઆજની યુવા પેઢી આપના સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય અને જીવંત રાખવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. જુનાગઢ મહાનગરપાલિકામાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગખાતે તા.૬ જુલાઈ ૨૦૨૪ના રોજ શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું. જેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં એન.ડી.વાળા જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ, સી.એલ.પટેલ નિયામક અને આશિષભાઈ કાચા કેમ્પસ ડાયરેક્ટર શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગ, ઉપેન્દ્રસિંહ રાઠોડ પ્રાંત યુવા વિકાસ અધિકારી જૂનાગઢ ગ્રામ્ય, હિતેષભાઈ ડાંગર પ્રાંત યુવા વિકાસ અધિકારી જૂનાગઢ શહેરના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. શાબ્દિક સ્વાગત ઉપેન્દ્રસિંહ રાઠોડ પ્રાંત યુવા વિકાસ અધિકારીએ કર્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન એન.ડી.વાળા જિલ્લા યુવા વિકાસ અધિકારી એ કરેલ જેમાં આપણાં સાંસ્કૃત્તિક વારસાને જીવંત રાખવા સૌને અપીલ કરી હતી. આભારવિધી આશિષભાઈ કાચા કેમ્પસ ડાયરેક્ટરએ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગુરુકુળના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મહિલા મોરચા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો જન્મદિવસ સેવાકાર્ય કરી ઉજવ્યો




જૂનાગઢ, તા.૧૬

ગુજરાત સરકારનાં મૃદુભાષી સંવેદનશીલ અને સરળ સ્વભાવ ધરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો જન્મદિવસ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાનાં પ્રમુખ જ્યોતિબેન વાડોલીયાનાં નૈતૃત્વમા જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સેવાકાર્યો કરી ઉજવવામાં આવ્યો હતો જેમાં દર્દીઓને નાસ્તો અને બિસ્કીટ આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં જ્યોતિબેન સાથે પુર્વ પ્રમુખ કનકબેન વ્યાસ, મોરચાના મહામંત્રી શિતલબેન તન્ના, ઉપપ્રમુખ શારદાબેન કોટડીયા, મંત્રી ભાવનાબેન માળી, હમીદાબેન દલ ઉપરાંત વોર્ડ નંબર ૧૦ના પ્રમુખ જયશ્રીબેન જાની અને હેતલબેન ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ મહાનગરના મહિલા મોરચાના બહેનોએ મૃદુસ્વભાવના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરી હતી અને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી તેમ મિડિયા વિભાગ નાં સંજય પંડ્યા ની યાદી જણાવે છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાના કોર્પોરેટર લલીતભાઈ સુવાગીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી જૂનાગઢનાં મુખ્ય રસ્તા પહોળા કરવા રજૂઆત કરી



જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ મહાનગર-પાલિકાનાં કોર્પોરેટર લલીતભાઈ સુવાગીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી જૂનાગઢ મહાનગર ખાતે આવેલી જુની સિવિલ હોસ્પિટલમાં હાલ કોર્ટ બિલ્ડિંગ બનાવવાનું કામ ચાલી રહ્યું છે જેમાં બંને બાજુ જૂનાગઢનાં હદય ધરાવતા મુખ્ય રસ્તાઓ પસાર થાય છે જે રસ્તાઓને વધું પહોળા કરી શકાય તેવા છે અને જો તેમ કરવામાં આવે તો જૂનાગઢમાં ટ્રાફિક સમસ્યા મહદ અંશે ઉકેલાય તેમ છે ત્યારે આ બાબતે લલિતભાઈ સુવાગીયાએ મુખ્યમંત્રીને પત્રમાં જણાવ્યું હતું કે જૂનાગઢ શહેરના આઝાદ ચોક અને ચિતાખાના ચોક વચ્ચે આવેલી જુની સિવીલ હોસ્પિટલ પાડીને તેના સ્થાને નવી કોર્ટ બીલ્ડીંગનું નિર્માણ થઈ રહેલ છે. આ ઈમારત બે માર્ગ ઉપર આવે છે, ઈમારત નવી બની રહી છે અને જગ્યા પણ ખુબ મોટી આવેલ છે. હાલ જયા કામગીરી ચાલી રહી છે ત્યાંથી નીકળતા બંન્ને રસ્તાઓ શહેરના હાર્દ સમા મુખ્ય રસ્તાઓ છે અને ભવિષ્ય ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખવી અતિ જરૂરી છે. ત્યારે બંન્ને તરફ માર્ગ ઉપર ૧૫ - ૧૫ ફુટની જગ્યા છોડવામાં આવે તે જરૂરી છે. હાલ રસ્તાની બાજુમાં જ દિવાલ જે બની રહી છે. જેનાથી રસ્તો પહોળો રહી શકશે નહીં નવા બાંધકામ વખતે રસ્તાની વધારાની જગ્યા છોડવાનો નિયમ છે જે અહીં અમલમાં આવ્યો નથી તેના બદલે રસ્તાની બંન્ને બાજુ જગ્યા છોડવામાં આવે તો હાલની ટ્રાફીક સમસ્યા છે તે વધુ મોટી થશે આથી હાલ બાંધકામ ચાલુ છે ત્યા જ બંન્ને તરફના રસ્તા ઉપર જગ્યા છોડીને કંમ્પાઉન્ડ બનાવવામાં આવે તેવી કાર્યવાહી થાય તો જૂનાગઢ શહેરમાં ઉભી થનાર એક સમસ્યાનો અંત આવી શકશે જે બાબતને ધ્યાને લઈ સત્વરે યોગ્ય નિર્ણય થવા મારી આપસાહેબશ્રીને રજુઆત છે. આ પત્ર મુખ્યમંત્રી સાથે સાથે જુનાગઢ કલેકટર સાહેબ તથા જૂનાગઢ મહાનગર પાલિકા કમિશ્નરને પણ આપેલ છે.

# જૂનાગઢ ખાતે સ્વાસ્થ્યનું સ્નેહ મિલન સમારોહ યોજાયો

## દવા વિના જીવન કેવી રીતે જીવી શકાય તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી




જૂનાગઢ, તા.૧૬

જુનાગઢ જોષીપુરાના નારાયણ આશ્રમ ખાતે મ તા-૧૪-૭-૨૦૨૪ રવિવારે સ્વાસ્થ્યનું સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. હરેશભાઈ પરસાણા સ્ટેન્ડિંગ ચેરમેન મહાનગરપાલિકા જુનાગઢ, પાર્થભાઈ કોટેચા નોબલ એન્જિનિયર યુનિવર્સિટીના વાઈસ ચેરમેન, જેન્તીભાઈ વઘાસિયા સરદારધામ અમદાવાદ, મનસુખભાઈ વાજા પ્રમુખ સત્યમ સેવા યુવક મંડળ જુનાગઢ, નાજભાઈ વાળા મેનેજિંગ ટ્રસ્ટી ગાયત્રી મંદિર જુનાગઢ, નયનાબેન વઘાસીય કન્વીનર મહિલા ખોડલધામ સમિતી જૂનાગઢ પ્રફુલ્લાબેન ખેરાળા ભાવનાબેન પોશિયા લેવા પટેલ મહિલા મંડળ અગ્રણી કોર્પોરેટર જૂનાગઢ, ધર્મેસભાઈ પોસીયા કોર્પોરેટર, ગોપાલભાઈ રાખોલીયા કોર્પોરેટર , વિમલભાઈ વાડોદરીયા તાલાળા તાલુકાના ભાજપના પ્રમુખ લોકોને કેવી રીતે દવાઓ વગરનું જીવન જીવવું એ સમજવા મળ્યું હતું. આજના સ્વાસ્થ્ય નાં સ્નેહમિલન મા ૧૫૦- કરતાં વધારે લોકોએ ભાગ લીધો કય બાબતમાં જીવનમાં પરિવર્તન લાવવા માટે શું કરવું સુગર કંટ્રોલ કરવી, બલ્ડ પ્રેશર કંટ્રોલ કરવું, કોલેસ્ટ્રોલ કંટ્રોલ કરવું, વેઈટલોસ કરવુ, વેઈટ ગેન કરવુ, બાળકોને લગતી સમસ્યાઓ દૂર કરવી, જોઈન્ટ ને લગતી તકલીફ દૂર કરવી, સ્ત્રીઓને લગતી સમસ્યા દૂર કરવી. આ તમામ બાબતોનું સોલ્યુશન એક ખોરાક ના માધ્યમ મથી ખોરાક બદલીને સારૂ કરી શકાય એ માટેનો જબરજસ્ત આહાર ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ આયોજન માટે વેલનેસ કોચ- સંગીતા મયુર વિરડીયા ડો.પ્રતિક્ષા, ડો.મયુર વિરડીયા વેલનેસ કોચ-પુષ્પાબેન મનીષભાઈ કાવઠીયા જહેમત ઉઠાવી હતી. આ તમામ કોચના ગાઈડલાઈન પ્રમાણે ઘણા લોકો ની સમસ્યા માં સુધારો થયો છે અને એ દરેક વ્યક્તિ એ પોતાના અનુભવ પણ શેર કરી લોકોને પોતાના રીઝલટ જણાવી બીજાને મદદરૂપ થયા હતાર આ કાર્યક્રમને સફળ બનાવવા હરસુખભાઈ વઘાસિયા એ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગ્રીનસીટીની 'ઘર ઘર વૃક્ષ' યોજના અંતર્ગત માત્ર રૂા.૨૦૦માં ઘરે બેઠા ટ્રી-ગાર્ડ તથા વૃક્ષ મળશે

## 'ગામઠી' દ્વારા ૫૦૦ વૃક્ષોના સૌજન્યથી શરૂ થશે યોજના




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૬

ગ્રીનસીટી સંસ્થા છેલ્લા ૧૩ વર્ષોથી ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા અથાય મહેનત કરી રહી છે. તેના ફળસ્વરૂપ આજે ભાવનગર શહેર ૭૫ ટકા હરીયાળુ બની ચુકયુ છે. હવે બાકીના ૨૫ ટકા શહેરના દરેક લોકો આમા સહભાગી બની શકે તે હેતુથી ગ્રીનસીટી સંસ્થાએ પર્યાવરણ પ્રેમી શહેરીજનો માટે "ઘર ઘર વૃક્ષ" યોજનાનો 'ગામઠી' ના ૫૦૦ વૃક્ષોના સૌજન્યથી વૈષ્ણવ સંપ્રદાયના પ.પૂ. ગોસ્વામી આનંદબાવાના વરદ્‌ હસ્તે નંદાલય હવેલી પાસે શુભારંભ થશે. આ યોજના અંતર્ગત જે કોઈ વ્યકિત પોતાના ઘરની પાસે ટ્રી-ગાર્ડ સાથે વૃક્ષારોપણ કરવા ઈચ્છતી હશે તેને માત્ર રૂા. ૨૦૦ માં ટ્રી-ગાર્ડ તથા વૃક્ષનો છોડ ઘરે પહોંચતો કરવામાં આવશે. આ માટે વ્યકિતએ ગ્રીનસીટીના ૮૪૦૧૬૬૨૨૭૮ નંબર પર વોટ્સએપ થી મેસેજ કરવાનો રહેશે. વોટ્સએપ મેસેજમાં વ્યકિતનું નામ, સરનામું, મોબાઈલ નંબર, વૃક્ષનું નામની પુરી વિગત મોકલવાની રહેશે. વ્યકિત કુલ ૫ વૃક્ષમાંથી કોઈ એકની પસંદગી કરી શકશે. લીમડો, કરંજ, ગુલમહોર, સપ્તપર્ણી, બોરસલી આમાંથી પસંદગી કરવાની રહેશે. વ્યકિતએ વૃક્ષારોપણ કર્યા બાદ ૮ દિવસમાં વૃક્ષારોપણ કર્યાનો ફોટો ગ્રીનસીટી સંસ્થાના મોબાઈલ ઉપર વોટ્સએપથી મોકલવાનો રહેશે. ગ્રીનસીટીની ટીમ દ્વારા આની ખરાઈ કરવામાં આવશે. વૃક્ષારોપણ કર્યા બાદ વ્યકિતએ વૃક્ષને નિયમિત પાણી પાવુ, ખાતર નાખવુ વિગેરે જવાબદારી નિભાવવાની રહેશે. એક ઘર દીઠ વધુમાં વધુ ૩ વૃક્ષ તથા ટ્રી-ગાર્ડ આપવામાં આવશે. કોઈ સોસાયટીવાળા કે ફલેટવાળા તેમના કોમન પ્લોટમાં ૩ થી વધુ અને ૩૦ સુધીના વૃક્ષો અને ટ્રી-ગાર્ડની જરૂર હોય તો તેમણે સોસાયટીના લેટરહેડ ઉપર અરજી કરી સંસ્થાને વોટ્સએપ દ્વારા મોકલવાની રહેશે. વૃક્ષનો છોડ ૧ થી ૩ ફૂટની ઉંચાઈનો આવશે. ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ એ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં આ પહેલી ઘટના છે કે માત્ર રૂા. ૨૦૦ માં ઘેર બેઠા ટ્રી-ગાર્ડ અને વૃક્ષનો છોડ પહોંચતો કરવામાં આવે. વધુમાં જણાવ્યું હતું કે મારા ૧૩ વર્ષના અનુભવ પરથી જાણમાં આવ્યું હતું કે ઘણાં જ વૃક્ષ પ્રેમી પોતાના ઘર પાસે વૃક્ષારોપણ કરવાની ઈચ્છા ધરાવતા જ હોય છે, પરંતુ કેટલાક લોકોને આની પાછળ આશરે ૧૩૦૦ રૂપિયા જેટલો ખર્ચ પોસાતો હોતો નથી અને કેટલાક ખર્ચ કરવા તૈયાર હોય છે. પરંતુ ટ્રી-ગાર્ડ, વૃક્ષ વગેરે કયાંથી લાવવા તેનો ખ્યાલ હોતો નથી. ગ્રીનસીટીની "ઘર ઘર વૃક્ષ" યોજનાથી દરેક લોકો માટે વૃક્ષારોપણ કરવું આસાન બનશે. અને આપણું ભાવનગર સંપૂર્ણપણે હરીયાળુ બનશે. આ કાર્યક્રમમાં ભાવનગરના મેયર ભરતભાઈ, કમિશ્નર ઉપાધ્યાય, શહેર ભા.જ.પ. પ્રમુખ અભયસિંહ ચૌહાણ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાજુભાઈ તથા ડેપ્યુટી મેયર કુમારભાઈની વિશેષ ઉપસ્થિત રહેશે.

## મારૂ સ્વપ્ન પુરૂ થવા જઈ રહ્યું છે : દેવેન શેઠ

રાજકોટ, તા.૧૬

ભાવનગર શહેરને બેંગ્લોર જેવું હરિયાળુ બનાવવાનું મારુ સ્વપ્ન સાકાર કરવા છેલ્લા ૧૩ વર્ષોનું હું સતત પ્રયત્નશીલ છું. આ કાર્ય માટે મને શહેરના અનેક ઉદાર દાતાશ્રીઓનો ખૂબજ સહકાર મળ્યો છે.

ભાવનગરના લોકોએ મને ખૂબ જ ઉત્સાહીત કર્યો છે અને મારા કાર્યની કદર કરી મને વધુ ને વધુ કામ કરવાની પ્રેરણા આપી છે. મારી ગ્રીનસીટીની ટીમ તારકભાઈ શાહ, અચ્યુતભાઈ મહેતા, પિયુષભાઈ વ્યાસ, ચિંતનભાઈ વ્યાસ, કિલોનભાઈ મહેતા એ મારા કામમાં મને ખૂબ જ સહકાર આપ્યો છે. હું જયારે હિંમત હારૂ છું ત્યારે મારા મિત્ર તારકભાઈ મને બેઠો કરે છે. વૃક્ષારોપણ માટે લોકોમાં જાગૃતિ લાવવા ગ્રીનસીટીના દરેક વૃક્ષારોપણના સમાચાર પ્રસિધ્ધ કરીને મીડીયાનો પણ ખૂબ જ સહકાર મળ્યો છે. મને પુરો વિશ્વાસ છે કે ગ્રીનસીટીની 'ઘર ઘર વૃક્ષ' યોજનાનો નાનાથી માંડી ને મોટા માણસો સુધી સૌ કોઈ લાભ લઈ આપણા ભાવનગર શહેરને બેંગ્લોર કરતા પણ વધુ હરીયાળુ બનાવશે. લોકોને આ કાર્યમાં જોડવાની તક આપીને હું ગર્વ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. ઈશ્વર મહાન છે. તે સારા કાર્યનું અવશ્ય ફળ આપે છે.

# જૂનાગઢ જીલ્લાના ગામોમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ શીખવતી તાલીમનું આયોજન

## ક્લસ્ટર બેઝ તાલીમ દ્વારા જૂનાગઢ જિલ્લામાં રસાયણ મુક્ત કૃષિ અપનાવી દરેક પરિવાર પ્રાકૃતિક કૃષિ આહાર મેળવે તે અંગે માર્ગદર્શન




જૂનાગઢ તા. ૧૬

પ્રાકૃતિક કૃષિનો વિસ્તાર વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે ખેડૂતોને ક્લસ્ટર બેઝ તાલીમ આપવામાં આવી રહી છે. હાલ ખરીફ ઋતુ ચાલી રહી હોય ખરીફ ઋતુ દરમ્યાન જિલ્લામાં દરેક ગ્રામપંચાયત આવરી લઈ જિલ્લા આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક કૃષિનો વધુમાં વધુ પ્રચાર થાય તેમજ વધુમાં વધુ પ્રાકૃતિક કૃષિ ખેડૂતો અપનાવે તે માટે નિરંતર પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે જિલ્લાના વિવિધ તાલુકાઓમા આવેલા બગડુ, ખાખરા હડમતીયા અને આજક ગામ ખાતે પ્રાકૃતિક કૃષિની તાલીમો ટેકનિકલ માસ્ટર ટ્રેનરો દ્વારા આપવામા આવી હતી, જેમા ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આ કલસ્ટર બેઝ તાલીમ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિની તાલીમો ટેકનિકલ માસ્ટર ટ્રેનરો દ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ પાસાઓ જેવા કે બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, જેવી બાબતો સમજાવવામાં આવ્યા હતા. આ કલસ્ટર બેઝ તાલીમ દ્વારા જૂનાગઢ જિલ્લામાં રસાયણ મુક્ત કૃષિ અપનાવી દરેક પરિવાર પ્રાકૃતિક કૃષિ આહાર મેળવે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

# કેશોદ શહેરની સિધ્ધાર્થ હાઈસ્કુલ ખાતે 'સ્કૂલ સેફટી સેમિનાર'નું આયોજન



જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા મામલતદાર કચેરી તથા એન.ડી.આર.એફ ની ટીમ દ્વારા કેશોદ શહેરની સિધ્ધાર્થ હાઈસ્કુલ ખાતે "કોમ્યુનિટી અવેરનેસ" પ્રોગ્રામ અંતર્ગત "સ્કૂલ સેફટી સેમિનારનું" આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દ્વારા શાળાના બાળકોને કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે કેવી રીતે રાહત અને બચાવ ની કામગીરી કરવી તે અંગે ની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમા સિદ્ધાર્થ હાઈસ્કૂલના ૪૦૦ વિદ્યાર્થીઓ તથા શાળાના સ્ટાફગણ ઉપસ્થિત રહી સંપૂર્ણ તાલીમનું ડેમો દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું. આ "સ્કૂલ સેફટી સેમીનાર" દરમિયાન કેશોદ મામલતદાર કચેરીના નાયબ મામલતદાર (ડિઝાસ્ટર) કે.ડી.રાઠોડ એન.ડી.આર.એફ. ટીમના કમાન્ડર કૈલાસા બાથમ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ ગામના આગેવાનોએ હાજરી આપી હતી.

# ટાટા કેમિકલ્સ હોસ્પિટલ ખાતે ૨૧ જુલાઈએ રક્તદાન શિબિરનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ટાટા કેમિકલ્સ હોસ્પિટલ, મીઠાપુર જીજી હોસ્પિટલ મેડિકલ સાથેના સહયોગમાં ૨૧મી જુલાઈ, રવિવારને રોજ સવારે ૯ કલાકથી બપોરના ૨ કલાક દરમ્યાન ટાટા કેમિકલ્સ હોસ્પિટલ, મીઠાપુર ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરી રહી છે જેનું રજિસ્ટ્રેશન સવારે ૭.૩૦ કલાકેથી શરૂ થશે. આ અભિયાનનો ઉદ્દેશ બ્લડ બેંકની જરૂરિયાતો પૂરી કરવા તથા પ્રાપ્ત થયેલા વધારાના બ્લડને સરકારી હોસ્પિટલને દાન કરવાનો છે. અત્યંત પ્રશિક્ષિત મેડિકલ ટેક્નિશિયન્સ, ફિઝિશિયન્સ અને હોસ્પિટલ સ્ટાફની પ્રતિબદ્ધ ટીમ સમગ્ર રક્તદાન અભિયાનમાં દાતાઓની સુરક્ષા અને સુગમતા સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ રહેશે. ટાટા કેમિકલ્સ હોસ્પિટલ રક્તદાન શિબિરમાં, તેની પહેલા અને પછીની સંભાળ માટે જરૂરી વ્યવસ્થાઓનું આયોજન કરશે અને તમામ જરૂરી સપ્લાય અને ટ્રીટમેન્ટ પૂરી પાડશે. સ્થાનિક રહીશો તથા સમુદાયોને આ ઉમદા હેતુ માટે તેમનું સમર્થન દર્શાવવા તથા તેમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### કેન્દ્ર સરકારે દેશમાં ઈમરજન્સીના દિવસને હવે બંધારણ હત્યા દિવસના રૂપમાં ઉજવવાનો નિર્ણય કર્યો

કેન્દ્ર સરકારે ઈમરજન્સીને લઈને એક મોટો નિર્ણય કર્યો છે. સરકારે દેશમાં ઈમરજન્સીના દિવસને હવે બંધારણ હત્યા દિવસના રૂપમાં ઉજવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે દેશમાં ૨૫ જૂન ૧૯૭૫ના લાગેલી ઈમરજન્સીને લોકતંત્રની આત્માનું ગળું દબાવનાર દિવસ ગણાવ્યો છે. સરકારનું કહેવું છે કે આ દિવસ તે લોકોના યોગદાનની યાદ અપાવશે, જેણે ૧૯૭૫ના આપાતકાલનું અમાનવીય દુખ સહન કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લખ્યું- ૨૫ જૂન ૧૯૭૫ના તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ પોતાની તાનાશાહી માનસિકતાને દર્શાવતા દેશમાં ઈમરજન્સી લગાવી ભારતીય લોકતંત્રની આત્માનું ગળું દબાવ્યું હતું. લાખો લોકોને કારણ વગર જેલમાં નાખવામાં આવ્યા અને મીડિયાનો અવાજ દબાવવામાં આવ્યો હતો. ભારત સરકારે દર વર્ષે ૨૫ જૂનને બંધારણ હત્યા દિવસના રૂપમાં ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ દિવસ તે બધા લોકોના વિરાટ યોગદાનનું સ્મરણ કરાવશે, જેણે ૧૯૭૫ની ઈમરજન્સીમાં દુખ સહન કર્યું હતું. અમિત શાહે પોતાની એક્સ પોસ્ટની સાથે કેન્દ્ર સરકાર તરફથી જાહેર ગેઝેટ નોટિફિકેશનની પ્રતિ પણ પોસ્ટ કરી છે. ગેઝેટમાં ગૃહ મંત્રાલય તરફથી ૧૧ જુલાઈએ જાહેર થયેલા નોટિફિકેશનનો ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું કે જ્યારે ૨૫ જૂન ૧૯૭૫ના ઈમરજન્સીની જાહેરાત થઈ હતી, ત્યારબાદ તે સમયની સરકાર દ્વાવા સત્તાનો દુરૂપયોગ કરવામાં આવ્યો અને ભારતમાં લોકો પર અત્યાચાર કરવામાં આવ્યા હતા. અને જ્યારે ભારતના લોકોને ભારતના બંધારણ અને ભારતના લોકતંત્ર પર દ્રઢ વિશ્વાસ છે, તેથી ભારત સરકારે ઈમરજન્સીના સમય દરમિયાન સત્તાના ઘોર દુરૂપયોગનો સામનો અને સંઘર્ષ કરનાર બધા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૫ દૂનને બંધારણ હત્યા દિવસ જાહેર કર્યો છે અને ભારતના લોકોને, ભવિષ્યમાં કોઈ પણ પ્રકારથી સત્તાના ઘોર દુરૂપયોગનું સમર્થન ન કરવા માટે પુનઃપ્રતિબદ્ધ કર્યાં છે.

### અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનો આરોપ

# કેદારનાથ મંદિરમાંથી ૨૨૮ કિલોગ્રામ સોનું ગુમ થયું છે



### કેદારનાથમાંથી ૨૨૮ કિલો સોનું ગુમ થયું છે, આજ સુધી તેના પર કોઈ તપાસ હાથ ધરવામાં આવી નથી

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના બુરારીમાં કેદારનાથ મંદિરના નિર્માણ સામે દેશના અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. હવે જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુકતેશ્વરાનંદે આને લઈને મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, કેદારનાથમાં સોનાનું કૌભાંડ થયું છે, તે મુદ્દો કેમ ઉઠાવવામાં આવતો નથી? તેમણે પૂછ્યું, "ત્યાં કૌભાંડ થયા પછી હવે દિલ્હીમાં કેદારનાથનું નિર્માણ થશે. પછી ફરી કૌભાંડ થશે."

તેમણે કહ્યું, "કેદારનાથમાંથી ૨૨૮ કિલો સોનું ગુમ થયું છે. આજ સુધી તેના પર કોઈ તપાસ હાથ ધરવામાં આવી નથી. આના માટે કોણ જવાબદાર છે? હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે કેદારનાથ દિલ્હીમાં જ બનશે, આવું ન થઈ શકે."

પીએમ મોદી પર પૂછવામાં આવેલા સવાલ પર તેમણે કહ્યું કે, "તે મારી પાસે આવ્યા અને શપથ લીધા. અમારા નિયમો પ્રમાણે અમે તેમને આશીર્વાદ આપ્યા. નરેન્દ્ર મોદી અમારા દુશ્મન નથી. અમે તેમના શુભચિંતક છીએ, હંમેશા તેમનું કલ્યાણ ઈચ્છીએ છીએ. જ્યારે તે કોઈ ભૂલ કરે છે, હા, અમે તેના વિશે વાત બોલીશું."

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન બાદ શનિવારે (૧૩ જુલાઈ, ૨૦૨૪)ના રોજ આયોજિત શુભ આશીર્વાદ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર પહોંચ્યા હતા. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પણ ત્યાં હાજર હતા. અનંત રાધિકાને આશીર્વાદ આપ્યા બાદ પીએમ મોદી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પાસે ગયા અને તેમના આશીર્વાદ લીધા.

જ્યોતિષ પીઠના શંકરાચાર્ય, અવિમુક્તેશ્વરાનંદ, સોમવારે શિવસેના (UBT) નેતા ઉદ્ધવ ઠાકરેને મળવા મુંબઈમાં તેમના નિવાસસ્થાન માતોશ્રી પહોંચ્યા હતા. બેઠક બાદ શંકરાચાર્યએ કહ્યું કે ઉદ્ધવ સાથે દગો થયો છે. તે (ઉદ્ધવ) આ બાબતથી દુઃખી છે. હિંદુ ધર્મ સાથે તમારે સૌથી ખરાબ બાબત એ છે કે વિશ્વાસઘાત. આપણા બધાના હૃદયમાં પણ આ પીડા છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું, અમે કહ્યું છે કે જ્યાં સુધી તમે ફરીથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી નહીં બનો ત્યાં સુધી આ પીડા ચાલુ રહેશે. દગો કરનાર હિંદુ ન હોઈ શકે. જે વિશ્વાસઘાત સહન કરે છે તે હિન્દુ હોઈ શકે છે. ઉદ્ધવે કહ્યું છે કે તે તમારા (શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ) આશીર્વાદ પ્રમાણે કરશે.

### સરકારી બેંક પર સૌથી મોટો હુમલો

# હેકર્સે ઉડાવ્યા ૧૬ કરોડથી વધુ રૂપિયા, RTGS સિસ્ટમ થઈ હેક

### નોઈડાના સેક્ટર ૬૨ સ્થિત નૈનીતાલ બેંક લિમિટેડમાં સાઈબર હુમલાનો એક મોટો મામલો સામે આવ્યો છે

નવી દિલ્હી, તા.૧૬

નોઈડાના સેક્ટર ૬૨ સ્થિત નૈનીતાલ બેંક લિમિટેડમાં સાઈબર હુમલાનો એક મોટો મામલો સામે આવ્યો છે. હેકર્સે બેંકની RTGS (રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ) ચેનલને હેક કરીને ૧૬ કરોડ ૧ લાખ ૮૩ હજાર ૨૬૧ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. મળતી માહિતી મુજબ હેકર્સે આ પૈસા ૮૯ બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા છે. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. બેંકનું સર્વર હેક કરીને સમગ્ર છેતરપિંડી આચરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ છેતરપિંડી ત્યારે પ્રકાશમાં આવી જ્યારે બેંકમાં બેલેન્સ શીટનું સમાધાન કરવામાં આવ્યું.

બેંકના આઈટી મેનેજરે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ સાથે શેર કરેલી માહિતીમાં એવું કહેવામાં આવ્યું હતું કે જૂન મહિનાની બેલેન્સ શીટનું સમાધાન કરવામાં આવી રહ્યું છે. ૧૭ જૂનના રોજ આરબીઆઈ સેટલમેન્ટ આરટીજીએસ એકાઉન્ટના મેચિંગ દરમિયાન, બેલેન્સ શીટમાં ૩ કરોડ ૬૦ લાખ ૯૪ હજાર ૨૦ રૂપિયાનો તફાવત જોવા મળ્યો હતો. આ પછી RTGS ટીમે SFMS સર્વર વડે CBS (કોર બેકિંગ સિસ્ટમ) માં વ્યવહારોની ચકાસણી કરી.

RTGS સિસ્ટમ હેકઃ આ સમય દરમિયાન જાણવા મળ્યું કે CBS (કોર બેન્કિંગ સિસ્ટમ) અને SFMS (સ્ટ્રક્ચર્ડ મેસેજિંગ સિસ્ટમ)માં કેટલીક ખામીઓ હતી. આરટીજીએસ મેસેજ મોડા મળતા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. RTGS ટીમે બીજા દિવસ સુધી રાહ જોઈ અને ૧૮ જૂને તપાસ હાથ ધરવામાં આવી. આમાં પણ બેલેન્સ શીટ મેચ થતી ન હતી, જ્યારે SFMSમાં સેટલમેન્ટ રિપોર્ટ પણ બેંકોના CBS સાથે મેચ થતો હતો. આ તપાસ દરમિયાન કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળી હતી.

૧૬ કરોડ ટ્રાન્સફર કર્યા : RTGS ટીમને આંતરિક તપાસ દરમિયાન લાગ્યું કે સિસ્ટમ લાઈનમાં થોડી સમસ્યા છે, પરંતુ જ્યારે ૨૦ જૂને વધુ તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે બેલેન્સ શીટમાં જે ભૂલ જોવા મળી હતી, તેમાં ૮૫ ટકા વ્યવહારો રોકડમાં થયા હતા.

આ પછી વધુ તપાસમાં બહાર આવ્યું કે કુલ ૧૬ કરોડ ૧ લાખ ૮૩ હજાર ૨૬૧ રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ રકમ બેંકમાંથી ૮૪ વખત જુદા જુદા ખાતામાં મોકલવામાં આવી છે.

### હાર્દિક વર્લ્ડ કપ વિનિંગ જર્સીમાં જોવા મળ્યો હતો

# ઓપન બસમાં સવાર હાર્દિક પંડ્યાનું વડોદરામાં ભવ્ય સ્વાગત

### હાર્દિકે ખુલ્લી બસમાં બેસીને હજારો ચાહકોની શુભેચ્છાઓ સ્વીકારી : હજારો લોકો રસ્તાઓ પર એકઠા થયા હતા




વડોદરા, તા.૧૬

ભારતે ૨૯ જૂને T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૭ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ટીમ ઈન્ડિયાના મોટાભાગના ખેલાડીઓ અત્યાર સુધીમાં પોતપોતાના ઘરે પરત ફર્યા હતા, પરંતુ હાર્દિક પંડ્યા હવે તેના શહેર વડોદરા પરત ફર્યો છે. જેમ ટીમ ઈન્ડિયાએ મરીન ડ્રાઈવ પર ખુલ્લી બસમાં બેસીને રોડ શો કર્યો હતો, તેવી જ રીતે હાર્દિકે વડોદરામાં ખુલ્લી બસમાં બેસીને હજારો ચાહકોની શુભેચ્છાઓ સ્વીકારી હતી.

હાર્દિક પંડ્યાનો આ રોડ શો માંડવીથી શરૂ થયો હતો અને લહેરીપુરા, સુરસાગર અને દાંડિયા બજાર થઈને નવલખી કમ્પાઉન્ડ ખાતે સમાપ્ત થયો હતો. હાર્દિક ટીમ ઈન્ડિયાની વર્લ્ડ કપ વિનિંગ જર્સીમાં જોવા મળ્યો હતો, જ્યારે તેની બસ પર 'પ્રાઈડ ઑફ વડોદરા' લખેલું હતું. ભારતીય ક્રિકેટરે લોકોની શુભેચ્છાઓ સ્વીકારી હતી. હજારો લોકો રસ્તાઓ પર એકઠા થયા હતા અને ઘણા લોકો હાથમાં ત્રિરંગો ઝંડો લહેરાવતા જોવા મળ્યા હતા.

આ રોડ શો દરમિયાન 'વંદે માતરમ' પણ વગાડવામાં આવ્યું હતું. બસની આસપાસ પોલીસ જવાનો તૈનાત હોવાથી સુરક્ષાને લઈને ખાસ કાળજી રાખવામાં આવી હતી. હાર્દિકની એક ઝલક મેળવવા માટે વડોદરાના હજારો લોકો તેમના ફોન પર તેની તસવીર ક્લિક કરતા જોવા મળ્યા હતા.

લાંબા સમયથી માત્ર હાર્દિક પંડ્યા જ ખુલ્લી બસમાં સવાર થઈને લોકોનું અભિવાદન સ્વીકારતો જોવા મળ્યો હતો. પરંતુ થોડા સમય બાદ તેનો ભાઈ કૃણાલ પંડ્યા પણ બસમાં જોવા મળ્યો હતો. કૃણાલ બ્લેક ટી-શર્ટ અને બ્લેક પેન્ટના ગેટ-અપમાં જોવા મળ્યો હતો.

મહત્વનું છે કે, T-20 વલ્ડકપની ફાઈનલ મેચમાં ખુબ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ રોમાંચક મેચમાં છેલ્લે સુધી ભારતના પક્ષમાં બાજી હતી નહીં પરંતુ હાર્દિકે છેલ્લો કેચ લઈને ઈન્ડિયાને જીત અપાવી હતી.

# મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ સહિત કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

### ભારતીય હવામાન વિભાગ દ્વારા એલર્ટ જાહેર કરાયું

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં મોનસુન મોડેથી સક્રિય થયું છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ સહિત કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો કે, યુપી, બિહાર, હરિયાણા સહિતના કેટલાક રાજ્યોમાં વરસાદે દસ્તક આપી છે. પરંતુ વરસાદ તેની ગતિ પકડી રહ્યો નથી. આ કારણે આ મોટા રાજ્યોમાં લોકો હજુ પણ ગરમીથી પરેશાન છે અને સમયસર ખેતી કરી શકતા નથી. દેશમાં આગળ કેવો વરસાદ પડશે તેના વિશે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી છે.

સોમવારે દેશમાં ચોમાસાની વર્તમાન સ્થિતિ અંગે માહિતી આપતાંસ્થના વૈજ્ઞાનિક સોમા સેને જણાવ્યું હતું કે, "ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, કોસ્ટલ કર્ણાટકમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે સમગ્ર પશ્ચિમી તટ માટે ચાર દિવસ માટે 'રેડ' એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સોમા સેને કહ્યું કે 'મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. જેને લઈને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે.

આશંકા વ્યક્ત કરતા સોમા સેને કહ્યું કે ૧૭ જુલાઈએ ઉત્તરાખંડમાં ભારે વરસાદ થઈ શકે છે. જે અંગે ટૂંક સમયમાં એલર્ટ જારી કરવામાં આવશે. જ્યારે પૂર્વોત્તર વિસ્તારમાં માત્ર હળવો વરસાદ થવાની સંભાવના છે.

# એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહના ભાઈની ડ્રગ્સ કેસમાં ધરપકડ

હૈદરાબાદ, તા.૧૬

પોલીસે અભિનેત્રી રકુલ પ્રીત સિંહના ભાઈ અમન પ્રીત સિંહને ચાર અન્ય લોકો સાથે કથિત ડ્રગ્સ કેસમાં ધરપકડ કરી છે. તેલંગાણા એન્ટી નાર્કોટિક્સ વિભાગે તેમની પાસેથી લગભગ ૨.૬ કિલોગ્રામ કોકેઈન જપ્ત કર્યું છે. કહેવાય છે કે આ વેચાણ માટે હૈદરાબાદ લાવવામાં આવ્યું હતું.

ઈડીએ ગત વર્ષે રકુલ પ્રીત સિંહને માદક પદાર્થોની તસ્કરી અને ઉપભોગ મામલામાં પૂછપરછ કરી હતી. આ સંબંધમાં તપાસ એજન્સીએ ૩૩ વર્ષિય અભિનેત્રીનું નિવેદન ૨૦૨૨ અને ૨૦૨૧માં નોંધ્યું હતું. અમન પ્રીત સિંહ, અનિકેત રેડ્ડી, પ્રસાદ, મધુસુદન અને નિખિલ દમન તરીકે ઓળખાયેલા તમામ પાં આરોપી હાલમાં પોલીસની ધરપકડમાં છે અને મેડિકલ તપાસ બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રાજેન્દ્ર નગર ઝોનના સાઈબરાબાદ પોલીસના ડીસીપી શ્રીનિવાસે કહ્યું કે, ડ્રગ્સના કસ્ટમર તરીકે અમે પાંચ લોકોની ધરપકડ અને તેમને પોલીસ સ્ટેશનમાં લઈ ગયા. પેશાબ ટેસ્ટ કિટમાં તમામ પોઝિટિવ આવ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પુરૂષની બુધ્ધિ સમ છે, તે ઉત્તમ છે.

- શ્રીમદ્ ભગવદ ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧૦ અષાઢી નવરાત્રી સમાપ્ત તા.૧૬ જુલાઈ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૯, વિશાખા નક્ષત્ર, સાધ્ય યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સાંજે ૭:૫૧ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની નવી તક સાંપડે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃષભ:મનની મુરાદ પૂર્ણ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન:આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.
કર્ક: જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
સિંહ: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
કન્યા: મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે મતભેદ રહે.
વૃશ્ચિક:અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
ધન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.
મકર: સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: સમસ્યાનો ઉકેલ મળે. કાર્યબોજમાં વધારો થાય.
મીન: દરેક કામમાં સાવચેતી રાખવી હિતાવહ. વ્યર્થ ક્રોધને ટાળવું.

### જૈનોની પવિત્ર ભૂમિ પાલિતાણા શહેરમાં ઈતિહાસ રચાયો


# પાલિતાણામાં નોન-વેજ પર સંપૂર્ણ પ્રતિબંધ કરાયો

### વર્ષ ૨૦૧૪માં લગભગ ૨૦૦ જૈન સાધુઓએ શહેરમાં લગભગ ૨૫૦ કસાઈની દુકાનો બંધ કરવાની માંગ સાથે ભૂખ હડતાળ કરી હતી

ભાવનગર, તા.૧૬

ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલા પાલિતાણા શહેરમાં ઈતિહાસ રચાયો છે. જૈનોની પવિત્ર ભૂમિ એવું પાલિતાણા વિશ્વનું પહેલું શહેર બન્યું છે જ્યાં માંસાહારી ખોરાકના વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના પગલે જૈનસમુદાયમાં આનંદની લાગણી ફેલાઈ છે. નોંધનીય છે કે, પાલિતાણામાં માંસાહારના વપરાશ-વેચાણ સામે જૈન સાધુઓ દ્વારા સતત વિરોધ કરવામાં આવતો હતો. વર્ષ ૨૦૧૪માં લગભગ ૨૦૦ જૈન સાધુઓએ શહેરમાં લગભગ ૨૫૦ કસાઈની દુકાનો બંધ કરવાની માંગ સાથે ભૂખ હડતાળ કરી હતી.મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારે જૈન સમુદાયની લાગણીને માન આપીને આ પ્રતિબંધ લાગુ કર્યો છે. હવે પાલીતાણામાં માત્ર માંસ અને ઈંડાનું વેચાણ જ બંધ નથી પરંતુ પશુઓની કતલ પર પણ પ્રતિબંધ છે. આ નિયમનો ભંગ કરનાર માટે સજાની જોગવાઈ છે. પાલીતાણા નગર મુખ્યત્વે જૈન તીર્થધામ તરીકે જાણીતું છે અને આ નિર્ણય તેની પવિત્રતા જાળવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત, શહેરમાં હવે ઘણી શાકાહારી રેસ્ટોરન્ટ્સ ખુલી છે.

# વોર્નર પાકિસ્તાનમાં યોજાનારી ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં જોવા મળશે નહીં




સિડની, તા.૧૬

ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ ક્રિકેટર ડેવિડ વોર્નર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેના ચાહકોને આવતા વર્ષે પાકિસ્તાનમાં યોજાનારી ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં જોવા મળશે નહીં. ઓસ્ટ્રેલિયાના ચીફ સિલેક્ટર જ્યોર્જ બેઈલીએ આ અંતે ખાતરી કરી છે. વોર્નરે ગતવર્ષે જ જાહેરાત કરી હતી કે, T20 વર્લ્ડ કપ ૨૦૨૪ તેની છેલ્લી ટૂર્નામેન્ટ હશે. તેણે જાન્યુઆરી ૨૦૨૪માં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું. તેની છેલ્લી ODI આંતરરાષ્ટ્રીય મેચ વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલ હતી. જો કે, તેણે ઘણી વખત કહ્યું હતું કે જો બોર્ડ ઈચ્છે તો તે ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે તૈયાર છે.

ચીફ સિલેક્ટરે જાહેરાત કરી દીધી છે કે, આગામી ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ડેવિડ વોર્નરની પસંદગી કરવામાં આવશે નહીં. ગત મહિને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ટીમના નિરાશાજનક પ્રદર્શન સાથે તેનું ટી૨૦ આંતરરાષ્ટ્રીય કરિયર પૂર્ણ થયુ હતું. થોડા દિવસ પહેલાં જ ઈન્સ્ટાગ્રામમાં લખ્યું હતું કે, "જો મને તક મળી તો હું થોડો સમય ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમતો રહીશ. જો મારી પસંદગી થાય તો હું ઓસ્ટ્રેલિયા માટે ચેમ્પિયન્સ ટ્રોફી રમવા માટે તૈયાર છું.

જો કે, ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય પસંદગીકાર અને ભૂતપૂર્વ ક્રિકેટર જ્યોર્જ બેઈલીએ ખાતરી કરી છે કે વોર્નરને ઓસ્ટ્રેલિયા મેનેજમેન્ટની પસંદગી યોજનામાં સામેલ કરાયો નથી. અમે ટુર્નામેન્ટની તૈયારીઓ શરૂ કરી રહ્યા છીએ, અમારી પસંદગીની યાદીમાં વોર્નર સામેલ નથી. ડેવિડ નિવૃત્ત થઈ ગયો છે અને ત્રણેય ફોર્મેટમાં તેની અવિશ્વસનીય કારકિર્દીની પ્રશંસા થવી જોઈએ."

ચીફ સિલેક્ટરે આગળ કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા માટે તેનું યોગદાન હંમેશા યાદગાર રહેશે. ટીમની વાત કરીએ તો, અમુક ખેલાડીઓને બદલવામાં આવ્યા છે, જેથી આગામી ટુર્નામેન્ટ રોમાંચક રહેશે.

ઓસ્ટ્રેલિયાએ સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ રમાનારી મેચમાં સીમિત ઓવરની સિરિઝ માટે ટીમની પસંદગી કરી છે. જેમાં અમુક નવા અને યુવા ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. ડેવિડ વોર્નરના ઉત્તરાધિકારી ગણાતા જેક ફ્રેજર મેકગર્કને ટીમમાં સ્થાન મળ્યું છે.

આર્થિક સંકડામણમાં પતિ-પત્નીએ બે બાળકો સાથે ઝેર ગટગટાવ્યું હતું

# ભાણવડના ચકચારી સામૂહિક આપઘાતના કેસમાં SITની રચના : બે સૂત્રધાર રિમાન્ડ ઉપર

અમદાવાદ, તા.૧૬

ભાણવડ નજીક આવેલા ધારાગઢ વિસ્તારમાંથી બુધવારે જામનગરના આહીર દંપતી તેમજ તેમનાં બે યુવાન પુત્ર-પુત્રીએ ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો. આ ચકચાર ભર્યા પ્રકરણમાં મૃતકોએ લખેલી ચિઠ્ઠીને આધારે જામનગરમાં રહેતા બે શખસને ગણતરીની કલાકોમાં ઝડપી લેવામાં આવ્યા હતા. આ બે મુખ્ય સૂત્રધારો ત્રણ દિવસના રિમાન્ડ ઉપર છે. એ દરમ્યાન વધુ બે આરોપીની પણ અટકાયત કરી લેવામાં આવી છે, આ સાથે જ વધુ તપાસ માટે SITની રચના કરવામાં આવી છે. સમગ્ર હાલાર પંથકના અતિચકચારી બની ગયેલા આ કેસમાં જામનગરમાં માધવબાગ -૧ ખાતે રહેતા અશોકભાઈ જેઠાભાઈ ધુંવા (ઉ.વ. ૪૨), લીલુબેન અશોકભાઈ ધુંવા (ઉ.વ. ૪૨), જિજ્ઞેશ અશોકભાઈ ધુંવા (ઉ.વ. ૨૦) અને કિંજલબેન અશોકભાઈ ધુંવા (ઉ.વ. ૧૮) નામનાં ચાર પરિવારજનોએ બુધવારે ભાણવડ નજીક આવેલા ધારાગઢ વિસ્તારમાં આવેલા રેલવે ફાટક પાસે ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં તેમની પાછળ કરવામાં આવતી પઠાણી ઉઘરાણી તેમજ આર્થિક સંકડામણ સંદર્ભેની મૃતકના નાના ભાઈની પોલીસ ફરિયાદ બાદ આરોપી એવા જામનગરના રહીશ વિશાલસિંહ ફતુભા જાડેજા અને વિશાલ પુરૂષોત્તમભાઈ પ્રાગડાનેર તપાસનીસ અધિકારી પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટ દ્વારા ઝડપી લઈ આ બંનેને અદાલતમાં રજૂ કરી, રિમાન્ડની માગણી કરવામાં આવતાં અદાલત દ્વારા તેમના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આ સાથે એલ.સી.બી. અને એસ.ઓ.જી. પોલીસની ટીમની ઊંડાણપૂર્વકની તપાસમાં મુખ્ય સૂત્રધાર વિશાલસિંહ જાડેજા સાથે મદદગારીમાં હોવાથી જામનગર તાબેના ઢીચણા વિસ્તારમાં રહેતા શૈલેન્દ્રસિંહ દિલુભા ઝાલા અને જયદીપસિંહ કનકસિંહ જાડેજાની સંડોવણી પણ ખૂલતાં પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી, આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અત્યંત ચકચારી અને સમાજ માટે લાલબત્તીરૂપ આ કિસ્સા માટે જિલ્લા પોલીસવડા નિતેશ પાંડેય દ્વારા એસ.આઈ.ટી.ની પણ રચના કરવામાં આવી હતી. DySP હાર્દિક પ્રજાપતિએ જણાવ્યું હતું કે મરણ જનાર તેમજ તેમના મૃતક દીકરાના મોબાઈલમાંથી અમુક CCTVના ફૂટેજ મળી આવ્યા હતા, જેમાં આરોપી વિશાલ અને તેમના મળતિયા દ્વારા મૃતકની ફેક્ટરી ઉપર જઈ ધમકાવવા અને માર મારવાના વીડિયો મળી આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સામૂહિક આત્મહત્યા પ્રકરણમાં પોલીસને મૃતદેહ નજીકથી ઝેરી દવાનું ડબલું, પ્લાસ્ટિકના ગ્લાસ, થમ્સ અપની બોટલ ઉપરાંત પ્લાસ્ટિકના ઝબલામાંથી ત્રણ મોબાઈલ ફોન ઉપરાંત હાથે લખેલી ચિઠ્ઠી, મૃતકનાં પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ વગેરે પણ સાંપડ્યાં હતાં. એ સંદર્ભેની કાર્યવાહીમાં મૃતકના નાના ભાઈ જામનગરના કનસુમરા ખાતે રહેતા વિનુભાઈ જેઠાભાઈ ધુવા (ઉ.વ. ૪૧)ની ફરિયાદ ઉપરથી એ વિશાલ જાડેજા દરબાર (વી.એમ. મેટલ વારા) અને અન્ય એક શખસ વિશાલ પ્રાગડા સામે ભાણવડ પોલીસે ગુનો નોંધી સઘન કાર્યવાહી કરી હતી. આ અત્યંત ચકચારી અને ગંભીર બનાવ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસવડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, તપાસનીશ અધિકારી પી.આઈ. પ્રશાંત બ્રહ્મભટ્ટ, એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ, એસ.ઓ.જી. પી.આઈ. પી.સી. સિંગરખિયા, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારિ સહિતના અધિકારીઓની ટીમ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, જુદી જુદી ટીમ બનાવીને આ પ્રકરણમાં આરોપી એવા જામનગરના વિશાલસિંહ ફતુભા જાડેજા અને વિશાલ પુરૂષોત્તમભાઈ પ્રાગડા નામનાર બંને શખસને ગત સાંજે જ ઝડપી લેવામાં આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓને રિમાન્ડ ઉપર મેળવી આ પ્રકરણમાં અન્ય કોઈ શખસો સંડોવાયેલા છે કે કેમ એ દિશામાં પણ પોલીસે તપાસ આરંભી છે. આ કેસમાં તાકીદની કાર્યવાહી અર્થે પોલીસ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની પણ રચના કરવામાં આવી હતી.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ-સરકારી અધિકારીઓ બાદ હવે શિક્ષકો માટે સરકારનો નિર્ણય !

# રાજ્યની તમામ સરકારી શાળાઓના શિક્ષકોએ પોતાની સઘળી સ્થાવર-જંગમ મિલકતો જાહેર કરવી પડશે

**શિક્ષણ વિભાગ દ્વારા આદેશો જારી : જિલ્લા કક્ષાએથી કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે**

ગાંધીનગર, તા.૧૬

રાજકારણી તથા સરકારી અધિકારીઓના ભ્રષ્ટાચારને લઈ તેઓની મિલકતો જાહેર કરવી પડે છે. ત્યારે હવે શિક્ષકો માટે પણ આ નિયમ લાગુ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. રાજયની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકો અને મુખ્ય શિક્ષકોએ હવે પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે. શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સરકારી પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને જંગમ અને સ્થાવર મિલકત સંબંધી ડિક્લેરેશન ફોર્મ ભરવા માટે આદેશ કર્યો છે. આ માટે પરિપત્ર જારી કરી જિલ્લા કક્ષાએથી તમામ શિક્ષકોના ફોર્મ ભરાય તે જોવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. ગુજરાત પંચાયત સેવા વર્તણુંક નિયમોમાં જંગમ અને સ્થાવર મિલકત સંબંધિત જોગવાઈ કરવામાં આવેલી છે, તેને ધ્યાને રાખીને શિક્ષકોએ ડિકલેરેશન ફોર્મ ભરવાના રહેશે. આમ, હવે રાજયના અન્ય કર્મચારીઓની જેમ શિક્ષકોએ પણ પોતાની મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને પરિપત્ર કરી પ્રાથમિક શિક્ષકો દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધિ ડિકલેરેશન ફોર્મ ભરવામાં આવે તે માટે કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી સુચના અનુસાર રાજય સ્તરે પંચાયત સેવા વર્તણૂક નિયમોમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ પંચાયતના દરેક કર્મચારી/ પ્રાથમિક શિક્ષક દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધી ડિકલેરેશન ફોર્મ ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. જેના પગલે હવે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો અને આચાર્યોને મિલકતો જાહેર કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ગુજરાત પંચાયત સેવા વર્તણૂક નિયમો નિયમોમાં જંગમ સ્થાવર મિલકત સંબંધી જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં નિયમ ૨૦ (૧)(ક)ની અનુસાર પંચાયતના દરેક કર્મચારીએ, કોઈ પણ સેવા અથવા જગ્યા ઉપર પોતાની પ્રથમ નિમણૂક વખતે વારસામાં મેળવેલી તથા માલિકીની તેના કુંટુંબના કોઈ પણ સભ્યને નામની સ્થાવર મિલકત સંબંધી પૂરી વિગતો સરકાર ઠરાવે તેવા પત્રકમાં જિલ્લા પંચાયતને પોતાની જંગમ અકસ્માયતોનું પત્રક સાદર કરવું જોઈશે. જ્યારે નિયમ ૨૦ (૧) (ખ) અનુસાર, પંચાયતના દરેક નોકરે જે વર્ષમાં તે પાંચના પૂર્ણ ગુણાંકની ઉંમરનો થાય એટલે કે યથાપ્રસંગ ૨૫, ૩૦, ૩૫ વગેરેથી ૨૫ અથવા ૬૦ વર્ષની ઉંમરનો થાય તે દરેક વર્ષના અંતે માહિતી પુરી પાડવી જોઈશે. આમ, આ બંને જોગવાઈને ધ્યાને રાખીને તમામ પ્રાથમિક શિક્ષક અને મુખ્ય શિક્ષક દ્વારા ડિકલેરેશન ફોર્મ ભરવામાં આવે તે માટે આદેશ કરાયો છે. શિક્ષકો દ્વારા આ ફોર્મ ભરવામાં આવે તે જિલ્લા કક્ષાએથી સુનિશ્ચિત કરવાનું રહેશે.

# ધોરણ-૩થી ધોરણ ૧૦ના શિક્ષકોને વ્યાવસાયિક તાલીમ આપવાનો નિર્ણય

અમદાવાદ,તા.૧૬

રાજ્યની ધોરણ-૩થી ૧૦ની સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોને વ્યાવસાયિક તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઓનલાઈન તાલીમને લઈને હાલમાં તૈયારીઓ ચાલી રહી છે અને તેના અનુસંધાને તાજેતરમાં ટેલિકોન્ફરન્સના માધ્યમથી શિક્ષકોને કોર્ષ અને તેમાં જોડાણ સહિતના મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. GCERT દ્વારા શિક્ષકો માટે ૨૦ જેટલા ઓનલાઈન કોર્ષ વિકસાવવામાં આવ્યા છે. કોર્ષનો સમયગાળો એક કલાકનો રાખવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવ્યા મુજબ દરેક શિક્ષકે વ્યાવસાયિક તાલીમ લેવી આવશ્યક છે. જેથી રાજ્યમાં પણ ફરજ બજાવતા દરેક શિક્ષકોને વ્યાસાયિક તાલીમ આપવાનું આયોજન શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી દિવસોમાં ધોરણ-૩થી ૧૦માં ફરજ બજાવતા શિક્ષકો માટેની ઓનલાઈન તાલીમ બોટના માધ્યમથી સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવનાર છે. આ તાલીમ અંગે રાજ્યના તમામ શિક્ષકોને જાણકારી મળી રહે તે માટે GCERT દ્વારા ટેલિકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેલિકોન્ફરન્સનું જીવંત પ્રસારણ બાયસેગના માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના તમામ શિક્ષકોને જોડવા માટે સુચના આપવામાં આવી હતી અને સુચના અનુસાર મોટી સંખ્યામાં શિક્ષકોએ બાયસેગના માધ્યમથી ટેલિકોન્ફરન્સમાં જોડાઈ તાલીમ વિશે માહિતી પણ મેળવી હોવાનું જાણવા મળે છે. ધોરણ-૩થી ૧૦ના શિક્ષકો માટેની આ ઓનલાઈન તાલીમમાં બે મોડયુલ દ્વારા પ્રવતર્માન સમયની શૈક્ષણિક જરૂરિયાત અને સરકારની વિવિધ શૈક્ષણિક યોજનાઓને ધ્યાને લઈને ૨૦ જેટલા ઓનલાઈન કોર્સ GCERT દ્વારા વિકસાવવામાં આવેલા છે. આ કોર્ષનો સમયગાળો એક કલાકનો રાખવામાં આવ્યો છે.

# ગીર ખાતે રેલવે ટ્રેક અકસ્માતથી એક પણ સિંહનું મરણ ના થાય તે માટે રેલવે-વન વિભાગ દ્વારા SOPની જાહેરાત

**હાઈકોર્ટના આદેશ મારફતે રચાયેલી હાઈ લેવલ કમિટીની બેઠકો બાદ સંખ્યાબંધ પગલાં લેવાયા હોવાની રાજ્ય સરકારની રજૂઆત, રેલવેના અધિકારીઓ અને લાઈન ટ્રેકર વચ્ચે સંકલન કરાશે**



અમદાવાદ, તા.૧૬

રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીરના અભ્યારણ્ય અને તેની આસપાસના સિંહોની વસતી ધરાવતા વિસ્તારમાં આવેલા રેલવા ટ્રેક ઉપર પસાર થતી ટ્રેનો વચ્ચે આવી જવાથી એશિયાઈ સિંહોના મરણ બાબતે ચાલી રહેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન રાજય સરકાર અને રેલવે વિભાગ દ્વારા એક સ્ટાન્ટર્ડ ઓપરેટીંગ સિસ્ટમ (એસઓપી) જાહેર કરવામાં આવી હતી. આ એસઓપી રાજય અને કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગ તેમજ રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાઈકોર્ટના હુકમના આધારે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતીની બેઠકો બાદ નક્કી કરવામાં આવી હતી. મુખ્યત્વે સિંહનો વસતી જે પહેલા ૫૨૩ આસપાસ પહી તે વધીને ૬૭૪ કે તેથી વધુ થઈ હોવાથી સિંહોની હિલચાલ વધી હોવાથી રેલવે ટ્રેક ઉપર કોઈપણ ભોગે અકસ્માતે મરણ ના થાય તે માટે પગલા લેવામાં આવ્યા હતા. બીજી બાજુ આ એસઓપી ધ્યાનમાં લીધી બાદ ચીફ જસ્ટીસ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું કે, વન વિભાગના ટ્રેકર, ફિલ્ડ સ્ટાફ, રેલવે સેવક, રેલવે ટ્રેકર અને લોકો પાઈલોટોના સંયુક્ત તાલિમ સત્રોનું આયોજન કરવું જોઈએ. તેના કારણે રેલવે અને વન વિભાગના ગ્રાઉન્ડ સ્ટાફને એકબીજાની કામગીરીની માહિતી મળશે અને એસઓપીના ચોક્કસ અને અસરકારક અમલ માટે કારગર નિવડશે. આ ઉપરાંત લોકો પાઈલોટોને પણ ગીર અભયારણ્યની મુલાકાત કરાવવી જોઈએ આથી તેઓને પણ સિંહોની મુવમેન્ટ સહિતની તમામ રીયલ ટાઈમ માહિતી મળી રહેશે. આ બાબતે હાઈકોર્ટ દ્વારા હવે પછીથી હુકમ લખાવીને જારી કરવામાં આવશે. જો કે હાઈકોર્ટે ખાસ તાકિદ કરી હતી કે રેલવે દ્વારા કોઈપણ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે તો પહેલા કોર્ટની મંજૂરી લેવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, રેલવે ટ્રેકના અકસ્માત અને બીજા કારણોસર એશિયાઈ સિંહોના અકારણ મરણના મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીની સુનાવણી ચાલી રહી છે. દરમ્યાન આ વર્ષના પ્રારંભમાં બે સિંહોના મરણની હાઈકોર્ટે ગંભીર નોંધ લઈ વન વિભાગની ઝાટકણી કાઢીને રાજ્ય સરકાર સાથે એક ઉચ્ચ સ્તરીય સમિતીની રચના કરવાનો આદેશ ગત તા. ૨૩ એપ્રિલે આવ્યો હતો. દરમ્યાન આ કેસની સુનાવણી નીકળતા રાજ્ય સરકાર તરફથી હાજર રહેલા એડીશનલ એડવોકેટ જનરલ મનિષા શાહ દ્વારા ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ એક સોગંધનામુ અને એસઓપીની બુકલેટ રજૂ કરવામાં આવ્યું હતું. તેની માહિતી આપતા તેઓએ જણાવ્યું હતું એક ઉચ્ચ સ્તરીય સમિતીની રચના અને તેમની બેઠકો બાદ ઘડાયેલી એસઓપીમાં ટ્રેનો જયારે સિંહોના વસવાટ અને મુવમેન્ટ વાળા વિસ્તારોમાંથી પસાર થાય ત્યારે તેની ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે. સવારના સમયે, સાંજે અને જ્યાં સિહોની મહત્તમ વસતી હોય ત્યાં ટ્રેનની ગતિ મર્યાદા ૩૦ કી. મી. પ્રતિ કલાકની કરી દેવામાં આવી છે. સમગ્ર બાબતોની દેખરેખ રાખવા માટે ડિવિઝન સ્તરની અને સર્કલ સ્તરની સમિતીઓની રચના કરવામાં આવી છે. તેઓ ગ્રાઉન્ડ સ્ટાફ દ્વારા આપવામાં આવેલા ઈનપુટ્સની માહિતી આપશે અને તે બાબતે નિર્ણય લેવાશે. જો આ પગલા લીધા હોવા છતાં કોઈ અકસ્માતની ઘટના બનશે તો તાત્કાલિક અધિકારીઓ તપાસ હાથ ધરશે અને ચોવીસ કલાકમાં ફિલ્ડ વિઝીટ કરીને પ્રાથમિક રિપોર્ટ આપશે.

# તામિલનાડુમાં નવા ચાર ફિશિંગ હાર્બર અને બે સ્થળે ફલોટીંગ જેટ્ટીનું નિર્માણ થશે

ગાંધીનગર, તા.૧૬

ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય તેમજ નેશનલ ફિશરીઝ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા ૬૭માં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસના ઉપલક્ષ્યમાં તમીલનાડુના મદુરાઈ ખાતે "ફિશરીઝ સમર મીટ૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં દરિયાઈ, આંતરદેશીય અને ભાંભરાપાણીનાં ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગ વિકાસની વિપુલ પ્રમાણમાં તકો લભ્ય છે. આ તકોને પહોંચી વળવા અને બ્લ્યુ ઈકોનોમીને પ્રમોટ કરવા ગુજરાત સરકાર અનેક પ્રયાસો કરી રહી છે. ફિશરીઝ સમર મીટ દરમ્યાન વર્ચ્યુઅલ માધ્યમથી મંત્રી રાઘવજી પટેલે ગુજરાત સરકાર દ્વારા મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલા પ્રયાસો, વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી સમયમાં ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ અંતર્ગત નવા ચાર ફિશિંગ હાર્બરનું નિર્માણ કરવામાં આવશે. સાથે જ ગુજરાતના ઉમરસાડી અને ચોરવાડ ફીશ લેન્ડીંગ સેન્ટર ખાતે પાયલટ પ્રોજેકટના ભાગરૂપે અદ્યતન તકનીકોના માધ્યમથી ફ્લોટિંગ જેટ્ટીનું પણ નિર્માણ કરવામાં આવશે. ગુજરાતમાં બોટ રજીસ્ટ્રેશન માટે રીયલ ક્રાફ્ટ બોટ સર્વે, ડીઝલ સબસીડી અને દરિયામાં બોટ લઈ જવા માટેની ઓનલાઈન ટોકન સિસ્ટમનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના ફળસ્વરૂપે માછીમારોને તેમને મળવાપાત્ર યોજનાઓનો લાભ સરળતાથી અને ઝડપી મળી રહ્યો છે. દુર્ભાગ્યવશ ગુજરાતના ઘણા માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ હતા ત્યારે છેલ્લા એક વર્ષમાં ગુજરાતના આશરે ૪૭૮ જેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈ વતન પરત ફર્યા છે, તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા બોટ પર સેટેલાઈટ આધારિત ટ્રેકિંગ અને સંચાર ઉપકરણ લગાવવાના રાષ્ટ્રવ્યાપી પ્રોજેકટને મંજૂરી આપવામાં અવી છે, તેનાથી દરિયાઈ સીમા ઉલ્લંઘનની ઘટનામાં ઘટાડો આવશે. રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારના ફિશરીઝ મીટના આયોજનથી વિવિધ રાજ્યોના મત્સ્યોદ્યોગ વિભાગો અને વિષય નિષ્ણાંતો સાથે વિચારોનું આદાન-પ્રદાન વધુ સરળ બનશે.

# વધી રહેલા આતંકવાદી હુમલાઓ વચ્ચે જમ્મુ અને કાશ્મીરના પક્ષોને વિધાનસભા ચૂંટણી મુલતવી રહેવાનો ડર

(એજન્સી) તા.૧૬

જમ્મુ અને કાશ્મીરના અગાઉના શાંતિપૂર્ણ જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદી હુમલાઓમાં વધારો વચ્ચે કેન્દ્રશાસિત પ્રદેશ (UT)માં પ્રાદેશિક પક્ષોએ કેન્દ્રને વિધાનસભાની ચૂંટણી સમયસર યોજવા વિનંતી કરી છે. સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ નાબૂદ કરવાના તેના ચુકાદામાં કેન્દ્રને સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓએ લોકસભા ચૂંટણીના પ્રચાર દરમ્યાન જાહેરાત કરી હતી કે, ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે અને લોકો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસેથી નિવારણ મેળવવા માટે સક્ષમ હશે. મોદીએ ટૂંક સમયમાં જ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુર્નઃ સ્થાપિત કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી ભાજપે રાજ્યનો દરજ્જો પુર્નઃ સ્થાપિત કરવાને સીમાંકન અને ચૂંટણી સાથે જોડ્યો; સીમાંકન ૨૦૨૨માં પૂર્ણ થયું હતું જ્યારે ૨૦૧૪થી હજુ પણ વિધાનસભાની ચૂંટણીઓ બાકી છે. લોકસભાની ચૂંટણીના સરળ સંચાલન પછી પ્રાદેશિક પક્ષો યુટીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની અને રાજ્યનો દરજ્જો પુર્નઃ સ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે. સંસદમાં તેમના તાજેતરના સંબોધન દરમ્યાન મોદીએ મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડનો ચૂંટણી-યોજાનારા ત્રણ રાજ્યો તરીકે ઉલ્લેખ કર્યો હતો પરંતુ જમ્મુ અને કાશ્મીરનો ઉલ્લેખ કર્યો ન હતો. આ બાદબાકી છતાં ભાજપની ટોચની નેતાગીરીએ યુટીમાં લોકસભાની ચૂંટણીમાં પક્ષના પ્રદર્શનનું વિશ્લેષણ કરવા માટે જૂનમાં દિલ્હીમાં બેઠકો યોજી હતી. ૬ જુલાઈના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ જમ્મુમાં ભાજપની વિસ્તૃત UT કારોબારી બેઠકને સંબોધિત કરી હતી. આ વર્ષે લોકસભાની ચૂંટણી બાદ યુટીની આ તેમની પ્રથમ મુલાકાત હતી. જમ્મુના મિશ્રીવાલામાં પાંચ જુલાઈના રોજ ભાજપના હોદ્દેદારોની બેઠક પહેલા યોજાયેલી આ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુગ, કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહ, જમ્મુ અને કાશ્મીર બીજેપી પ્રમુખ રવિન્દર રૈના અને અન્ય સહિત પક્ષના મુખ્ય નેતાઓ હાજર રહ્યા હતા. નડ્ડાએ સભાને સંબોધતા પુનરોચ્ચાર કર્યો કે જેમ કે વડાપ્રધાન મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉપર શ્રીનગરમાં તેમના તાજેતરના નિવેદન દરમ્યાન જાહેરાત કરી હતી તેમ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ સમયસર યોજાશે. નડ્ડાની ખાતરી હોવા છતાં પ્રાદેશિક પક્ષો ચિંતિત છે કે, આતંકવાદી હુમલાઓમાં તાજેતરના ઉછાળાને કારણે ચૂંટણી મોકૂફ થઈ શકે છે. કાશ્મીરમાં ભાજપના સૂત્રોએ ઉલ્લેખ કર્યો છે કે, જ્યારે મતવિસ્તારના વડાઓ અને બૂથ મેનેજમેન્ટ માટે જવાબદાર લોકો તૈનાત છે, હજુ સુધી ચૂંટણીની તૈયારી કરવાનો કોઈ આદેશ મળ્યો નથી. સંભવિત વિલંબની અનુભૂતિ કરીને પ્રાદેશિક પક્ષોએ કેન્દ્ર અને ભારતના ચૂંટણી પંચ (ECI)ને સમયસર ચૂંટણી યોજવા વિનંતી કરી છે. ૧૦ જુલાઈના રોજ પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ ગની લોને જમ્મુ અને કાશ્મીરમાં સમયસર ચૂંટણીની માંગણી કરી ભારપૂર્વક જણાવ્યું કે, લોકો પ્રત્યે જવાબદાર વહીવટીતંત્રને જ પ્રદેશ ઉપર શાસન કરવાનો અને વહીવટ કરવાનો અધિકાર છે. લોને યોગ્ય શાસન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી યોજવાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો અને જમ્મુ અને કાશ્મીરને રાજયનો દરજ્જો પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી. લોનની ચૂંટણી માટે માંગ કર્યાના એક દિવસ પછી ઓમર અબ્દુલ્લા કે જે NCના ઉપાધ્યક્ષ અને પૂર્વ મુખ્યપ્રધાન છે તેમણે પણ આતંકવાદીઓ ઉપર સુરક્ષા દળોની સર્વોચ્ચતા દર્શાવવા માટે સમયસર વિધાનસભા ચૂંટણીઓ માટે વિનંતી કરી. તેમણે કહ્યું કે, પરિસ્થિતિ ભલે આદર્શ નથી પણ તે ૧૯૯૬ કરતા વધુ ખરાબ પણ નથી અને જો સરકારમાં હિંમત હોય તો જમ્મુ અને કાશ્મીરના લોકો તેમની પોતાની સરકાર પસંદ કરવા દેવા માટે સમયસર ચૂંટણીઓ યોજવી જોઈએ. ચૂંટણી માટેના આ કોલ જમ્મુ અને કાશ્મીરમાં મતદાર યાદીના બીજા સ્પેશિયલ સમરી રિવિઝન (SSR)ની સમીક્ષા કરવા માટે ECIની બેઠક સાથે એક વિડિયો કોન્ફરન્સ દ્વારા પ્રદેશના જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEOs) સાથે સુસંગત છે. SSR પ્રક્રિયા, જે ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ શરૂ થઈ હતી, તેમાં જમ્મુ અને કાશ્મીરની સાથે હરિયાણા, ઝારખંડ અને મહારાષ્ટ્રના મતદાન-બાઉન્ડ રાજ્યોનો સમાવેશ થાય છે. SSR માટે લાયકાતની તારીખ ૧ જુલાઈ, ૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. સમીક્ષામાં બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) દ્વારા ઘર-ઘર (H2H) ચકાસણી, મતદાન મથકોનું તર્કસંગતીકરણ અથવા પુર્નઃ ગોઠવણી, મતદાર યાદીની ચોકસાઈ અને સંપૂર્ણતા અને મતદાર ફોટોની ખાતરી સહિતની વિવિધ પૂર્વ-સુધારણા પ્રવૃત્તિઓની પ્રગતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ઓળખ કાર્ડ (EPIC) અને મતદાર યાદીમાં કોઈપણ વિસંગતતાઓને સંબોધવા. કાર્યસૂચિમાં BLO, ચૂંટણી નોંધણી અધિકારીઓ (ERO) અને મદદનીશ ચૂંટણી નોંધણી અધિકારીઓ (AERO)ની સ્થિતિનું મૂલ્યાંકન પણ આવરી લેવામાં આવ્યું હતું. રાજકીય પક્ષો દ્વારા ઊઠાવવામાં આવેલા મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી અને સંકલિત ડ્રાફ્ટ રોલ અને પ્રી-ડ્રાફ્ટ ફોર્મેટ માટેની તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી પી.કે. પોલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો. સંકલિત ડ્રાફ્ટ મતદાર યાદી ૨૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થવા માટે સુનિશ્ચિત થયેલ છે અને દાવા અને વાંધા દાખલ કરવાનો સમયગાળો ૨૫ જુલાઈથી ૯ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીનો રહેશે. ખાસ ઝુંબેશની તારીખો CEO દ્વારા સેટ કરવામાં આવશે. દાવાઓ અને વાંધાઓનો નિકાલ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનો છે અને અંતિમ મતદાર યાદી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. ત્યારબાદ ECI કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી ઉપર નિર્ણય લેશે.

# અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની એક દિવસીય શૈક્ષણિક કોન્ફરન્સ યોજાઈ

## શિક્ષણનો હેતુ ટ્રાન્સફર ઓફ નોલેજ નહીં, પરંતુ ટ્રાન્સફોર્મેશન ઓફ પર્સનાલિટી હોવો જોઈએ: સૈયદ તનવીર અહેમદ






(અલ્તાફ મુગલ દ્વારા)
કોડીનાર તા. ૧૬

ફેડરેશન ઓફ મુસ્લિમ એજ્યુકશનલ ઈન્સ્ટીટ્યુશન્સ (FMEI), ગુજરાત દ્વારા તા.૧૪ જુલાઈ, ૨૦૨૪, રવિવારના રોજ હોટલ રીવેરા સરોવર પોર્ટીકો, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની શૈક્ષણિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્ફરન્સ કેન્દ્રીય વિષય 'મુસ્લીમ શૈક્ષણિક સંસ્થાનો સામેના પડકારો અને ભાવિ વ્યૂહરચના' હેઠળ આયોજિત કરવામાં આવી હતી. કોન્ફરન્સમાં ભારતભરની વિવિધ પ્રતિષ્ઠિત મુસ્લીમ સંસ્થાઓના સંચાલકો અને હોદ્દેદારો તેમજ વિવિધ શિક્ષણવિદ્દો અને વિદ્વાનોએ ગુજરાત રાજ્યના લગભગ દરેક જિલ્લામાંથી હાજર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ૪૦૦ જેટલા ડેલીગેટ્સને સંબોધન કર્યું હતું.

કોન્ફરન્સની શરૂઆત તિલાવતે કુર્આન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ જમાઅતે ઈસ્લામી હિંદના ગુજરાત પ્રદેશના પ્રમુખ ડો. સલીમ પટીવાલાએ કોન્ફરન્સમાં હાજર સન્માનિત મહેમાનો અને શ્રોતાજનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. સ્વાગત પ્રવચન બાદ મર્કઝી તાલીમી બોર્ડ, ગુજરાત પ્રદેશના પ્રમુખ ડો. ઈફતેખાર મલેક દ્વારા કોન્ફરન્સનો હેતુ અને તેની વિભાવના સમજાવતા જણાવ્યું હતું કે મુસ્લીમ સમુદાયમાં શિક્ષણ ક્ષેત્રે ઘણુંખરૂં કરવા માટે અનેરો ઉત્સાહ અને ચિંતા જોવા મળે છે. અને તેમણે ઘણા લાંબા સમયથી તે માટે વિવિધ પ્રયત્નો કરતા રહ્યા છે. પરંતુ આ લાંબા સફર પછી પણ આપણે જોઈએ એવી અપેક્ષિત સફળતા મેળવી શક્યા નથી. તે માટે ફરીથી ચિંતન મનન કરવા આજે શિક્ષણ ક્ષેત્રના વિવિધ જવાબદારો અને ચિંતકોને રાજ્યભરમાંથી આ કોન્ફરન્સમાં આમંત્રિત કરવામાં આવ્યા છે. આપણે એ સમજવું પડશે કે આપણે જે દેશમાં રહીએ છીએ તેના બંધારણ અને નીતિઓને સમજીને તેમાં આપણા અધિકારને મેળવવા પ્રયત્નો કરવા પડશે.

પ્રથમ સેશનની શરૂઆતમાં પ્રો. અખતરૂલ વાસે (ભૂતપૂર્વ VC, MANUU, જોધપુર) અને મુજીબુરરહેમાન જનાબ અતીક નદવી (નાઝિમ, તાલીમાત દારૂલ ઉલુમ ઈમામ રબ્બાની, નેરલ, મહારાષ્ટ્ર)એ ઈસ્લામમાં શિક્ષણના મહત્વને સમજાવ્યું હતું. સાથે જ દીની અને દુન્યવી શિક્ષણના વિભાજનને ઓછામાં ઓછું કરી વિદ્યાર્થીઓને વ્યાપક શિક્ષણ મળે તે માટેના પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

જનાબ મુજતબા ફારૂક (ટ્રસ્ટી, મરકઝી તાલીમી બોર્ડ) એ સરકારશ્રીની અલ્પસંખ્યક શૈક્ષણિક સંસ્થાઓ તરફની નીતિઓ પર પ્રહાર કર્યા હતા. તેમણે મદ્રેસાઓ તરફના સરકારના વલણને વખોડી કાઢ્યું. તેની સાથે જ તેમણે મુસ્લીમ સમુદાયના લોકોને શિક્ષણ અંગે તેમની બંધારણીય જોગવાઈઓને સમજીને તે અનુસાર પ્રગતિ કરવા માટે આહવાન કર્યું હતું. આપણે મિશનરી બનીને ભારતના અન્ય સમુદાયોને ઈસ્લામી તાલીમી વ્યવસ્થાથી અવગત કરાવવા પ્રયાસો કરવા પડશે તેવું તેમણે જણાવ્યું હતું. પ્રથમ સેશનના અધ્યક્ષ ડોકટર મોહિયુદીન ગાઝી(નેશનલ સેક્રેટરી, JIH) એ શિક્ષણ પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે મદ્રેસાઓ આધુનિક યુગથી દૂર છે, તેમણે કહ્યું કે આપણું મિશન માનવજાતનું માર્ગદર્શન કરવાનું છે અને તેના માટે આપણે આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીનું જ્ઞાન મેળવવું પડશે. ડો. ગાઝીએ જણાવ્યું હતું કે મદ્રેસાઓએ આધુનિક યુગની માંગ મુજબ તેમનો અભ્યાસક્રમ તૈયાર કરવો પડશે.

બીજા સેશનની શરૂઆતમાં યોજાયેલા એક પેનલ ડિસ્કશનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ની અસરો, ખાસ કરીને લઘુમતી સમુદાયો પર થતી અસરોનો ચર્ચાસ્પદ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ ડિસ્કશનમાં શિક્ષણવિદો અને સમુદાયના અગ્રણીઓએ ભાગ લીધો હતો, જેમાં ઝુબેર ગોપલાની (ડાયરેક્ટર, હનીફા સ્કૂલ અને ટ્રસ્ટી, ઈસ્લામિક સ્ટડી સેન્ટર), અફઝલ મેમન (પ્રેસિડેન્ટ, ગુજરાત સાર્વજનિક વેલ્ફેર ટ્રસ્ટ), પ્રો. (ડો.) અકીલ અલી સૈયદ (સ્થાપક વાઈસ ચાન્સેલર, જીએમ વાસ્તાનવી યુનિવર્સિટી (પ્રસ્તાવિત), મુફ્તી સાજિદ બેલીમ ફાલાહી (પ્રેસિડેન્ટ, સ્ટ્રેટપાથ ફાઉન્ડેશન) અને શકીલ અહેમદ રાજપૂત (પ્રેસિડેન્ટ, રેડિયન્સ એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ)નો સમાવેશ થાય છે. પેનલિસ્ટ્સ દ્વારા એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે NEP માં કેટલીક સકારાત્મક બાબતો છે, પરંતુ લઘુમતીઓ માટે ઘણી ચિંતાઓ પણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારે આ ચિંતાઓને દૂર કરવા માટે લઘુમતી સમુદાયો સાથે સંવાદ કરવો જોઈએ અને NEP ના અમલીકરણમાં તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી જોઈએ. ત્યારબાદ ડો. સૈયદ ઝફર મેહમુદ (રિટાયર્ડ IRS અને પ્રમુખ, ઝકાત ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા)એ મુસ્લીમ સમુદાયમાં શિક્ષણ ક્ષેત્રે ઉપલબ્ધ સંસાધનો ઉપર વાત કરતા જણાવ્યું હતું કે મુસ્લીમ શૈક્ષણિક સંસ્થાનોના હોદ્દેદારોએ બ્યુરોક્રેસી, એડમીનીસ્ટ્રેશન અને લેજીસ્લેટિવમાં મુસ્લીમોની ભાગીદારી વધે તે માટે વિદ્યાર્થીઓની તૈયારી કરાવવા પર ભાર મૂક્યો હતો. UPSCની સાથે સાથે અન્ય વહીવટી જગ્યાઓ પર પણ મુસ્લીમોની ભાગીદારી વધારવા માટે તૈયારી કરવી જોઈએ. તદ્ઉપરાંત મસ્જિદ, કોમ્યુનિટી હોલ જેવી જગ્યાઓનો શિક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લઈ શકાય એવું આયોજન કરવું જોઈએ તેવું તેમણે જણાવ્યું હતું.

ડો. અબ્દુલ કદિર (અધ્યક્ષ, શાહીન ફાઉન્ડેશન, કર્ણાટક) એ એક નાના કલાસરૂમથી શરૂ કરેલ સફરને કઈ રીતે શાહીન ફાઉન્ડેશન જેવા મસમોટા વટવૃક્ષમાં પરિવર્તિત કર્યું તેની વાત મૂકી હાજર સંસ્થાઓના સંચાલકોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. તેમના ફાઉન્ડેશનએ અત્યાર સુધીમાં અનેક વિદ્યાર્થીઓને મેડિકલ ક્ષેત્રમાં સરકારી કોલેજોમાં પ્રવેશ અપાવ્યો છે. સાથે જ તેમણે મુસ્લીમ સમુદાયના લોકોને ફૂજુલ ખર્ચાઓથી બચીને શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ ખર્ચ કરવા પર ભાર મૂક્યો હતો.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી મરકઝી તાલીમી બોર્ડના પ્રમુખ સૈયદ તનવીર અહેમદએ શિક્ષણના ઉદેશ્યને સમજાવતા જણાવ્યું હતું કે શિક્ષણનો હેતુ ટ્રાન્સફર ઓફ નોલેજ નહીં, પરંતુ ટ્રાન્સફોર્મેશન ઓફ પર્સનાલિટી હોવો જોઈએ. હોલિસ્ટિક અપ્રોચ ઓફ એજ્યુકેશન પર તેમણે ભાર મૂક્યો હતો. આગળ તેમણે જણાવ્યું કે શૈક્ષિણક સંસ્થાનોએ પ્રોફેશનાલિઝમનો અભિગમ અપનાવવો પડશે. તે અંગે તેમણે સંસ્થાઓના મેનેજમેન્ટ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને સૂચનો કર્યા હતા. સરકારની નીતિઓના ઘડતરમાં મુસ્લીમ શિક્ષણવિદ્દોની ભૂમિકા હોવી જોઈએ, તે માટે આપણે તૈયારી આદરવી પડશે. મુસ્લીમ સમુદાયમાં શિક્ષણના વાસ્તવિક વ્યાપ માટે સમુદાયના વિવિધ જવાબદાર લોકોએ સમન્વય અને સંકલન સાધવું પડશે તેવું તેમણે જણાવ્યું હતું.

મૌલાના આઝાદ પ્રિ-મેટ્રિક સ્કોલરશીપને ફરીથી બહાલ કરવામાં આવે તેવી તીવ્ર માંગ આજની શૈક્ષણિક કોન્ફરન્સમાં લઘુમતી સમુદાયની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઉઠાવવામાં આવી હતી. કોન્ફરન્સ દરમ્યાન જાણીતા એડવોકેટ જનાબ તાહિર હકીમને FMEI ( ફેડરેશન ઓફ મુસ્લિમ એજ્યુકશનલ ઈન્સ્ટીટ્યુશન્સ), ગુજરાત ચેપ્ટરના વિવિધ લીગલ કામોમાં સહયોગ બદલ મોમેન્ટો અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કકોન્ફરન્સના અંતે કન્વિનર જનાબ અરશદ હુસેન શેખ દ્વારા પસાર કરવામાં આવેલ ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતના પ્રદેશ સચિવ જનાબ વાસિફ હુસેન શેખ દ્વારા હાજર મહેમાનો અને શ્રોતાગણનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# નેશનલ એવોર્ડ દિવ્યાંગ ક્ષેત્રે કામ કરનારાઓ માટે નાગદા-ઉજજૈન ખાતે યોજાઈ ગયો






જૂનાગઢ તા. ૧૬

સ્નેહિબીલીટી નેશનલ એવોર્ડ -૨૦૨૪ માં ૧૦ જુલાઈ, ૨૦૨૪ માં સુરજ સ્નેહ ભવન, નાગદા ગામે જી.ઉજજૈન, મધ્યપ્રદેશ ખાતે યોજાયો હતો. આ એવોર્ડ મુખ્યત્વે ભારતભરમાંથી દિવ્યાંગ ક્ષેત્રે કામ કરનારાઓની પ્રતિભાને સન્માનિત કરવા માટે યોજાયો હતો. આ એવોર્ડ અંતર્ગત એકસોલન્ટ એકયુપેશનલ થેરાપીસ્ટ, એકસેલન્ટ સોશ્યલ વર્કર, એકસોલન્ટ સોશ્યલ એજયુકેટર, એકસલેન્ટ ગવર્મેન્ટ ઓફિસર અને એકસેલન્ટ ઈન્સ્ટીટયુટને નેશનલ એવોર્ડ આપવા માટેનો હતો. જે અંતર્ગત સ્નેહિબીલીટી નેશનલ એવોર્ડના વિજેતાઓને ટ્રોફી, સન્માનપત્ર અને રૂા.૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતો. જેમાં એકસેલન્ટ સોશ્યલ વર્કર માટે અલગ-અલગ રાજયોમાંથી ફાઈનલ ૧૮ એન્ટ્રીઓમાંથી ગુજરાત રાજયના જૂનાગઢ જીલ્લાના પુર્ણાબેન હેડાવ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ એસેલેન્ટ સોશ્યલ વર્કરનો નેશનલ એવોર્ડ સુ.શ્રી પુર્ણાબેન હેડાવને આપવામાં આવેલ છે. આ એવોર્ડ મુખ્યત્વે કર્ણાટકના રાજયપાલ ડો.થાવરચંદ ગેહલોતના હસ્તે આપવામાં આવેલ હતો. જેમની જોડે પદ્મશ્રી સતેન્દ્રસિંહ લોહિયા અને ડો.વિનોદ ભંડારી, ડો.પંકજ મારૂ વિગેરે જોડાયેલ હતા. જે જૂનાગઢ જીલ્લા અને ગુજરાત માટે ગૌરવની વાત છે. પુર્ણાબેન હેડાવ મુખ્યત્વે આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનમાં દિવ્યાંગ ક્ષેત્રે ૨૦ વર્ષથી કામગીરી કરી રહયા છે. તેમના મેનેજીંગ ટ્રસ્ટી ડો.બકુલ બુચ, સમગ્ર આશાદીપ પરિવાર, સમાજના આગેવાનો વિગેરેએ ખુબ-ખુબ અભિનંદન પાઠવેલ છે સાથે સાથે ભવિષ્યમાં તેઓ વધુને વધુ સારા કાર્યો કરે તથા જૂનાગઢ શહેરનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# કોડીનારમાં દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન થયેલી ફરિયાદ રદ કરવાની માંગ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

## કોળી સમાજ, દલિત સમાજ અને ઘાંચી મુસ્લિમ સમાજ દ્વારા રેલી કાઢવામાં આવી





કોડીનાર તા.૧૬

કોડીનારમાં દબાણ હટાવ ઝુંબેશ સમયે પાણી દરવાજા પાસે રહેલા દબાણ દૂર કરતી વખતે એકઠા થયેલા લોકો ઉપર કાંકરી ચાળો થયા બાદ બે ટોળા સામસામે આવી જવાના પ્રશ્ને બઘડાટી થયા બાદ ચેમ્બર પ્રમુખના દુકાન ઉપર થયેલી માથાકૂટ અંગે ચેમ્બર પ્રમુખના પુત્રએ કોડીનાર પોલીસ સ્ટેશનમાં કોળી સેનાના પ્રમુખ, કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને મુસ્લિમ સમાજના એક અગ્રણી સહિત પાંચ લોકો સામે લૂંટ સહિતની કરેલી ફરિયાદ બાદ કોડીનાર પોલીસ દ્વારા રાજકીય દબાણને લઈને પાંચેય લોકો ઉપર ખોટી કલમો વાળી ફરિયાદ કરવામાં આવી હોય, એફ.આઈ.આર રદ કરવા માટે તેમજ કોળી સમાજ માટે ચેમ્બર પ્રમુખે અભદ્ર ભાષાનો ઉપયોગ કરેલ હોય જેથી ચેમ્બર પ્રમુખ હરિભાઈ વિઠલાણી ઉપર એફઆઈઆર નોંધવા અંગે ગઈકાલે કોળી સેના કોડીનાર તાલુકા તેમજ ઘાંચી મુસ્લિમ સમાજ અને દલિત સમાજ દ્વારા સંયુક્ત વિશાળ રેલી યોજીને કોડીનાર મામલતદારને દરેક સમાજ દ્વારા અલગ અલગ વિસ્તૃત આવેદનપત્રો પાઠવ્યા હતા. ત્રણેય સમાજ દ્વારા પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ દબાણ હટાવની કામગીરી વખતે કોળી સેનાના પ્રમુખ રમેશભાઈ ચુડાસમા અને માધાતા સંગઠનના પ્રમુખ હરેશભાઈ દમણીયા સહિતના કોળી યુવાનો પાણી દરવાજા પાસે દબાણ દૂર કરવાની કામગીરીના સ્થળે એકઠા થયેલા તે સમયે પોલીસ સ્ટાફ તેમજ નાયબ કલેકટર અને કોડીનાર મામલતદારની હાજરીમાં ચેમ્બર પ્રમુખ હરિભાઈ વિઠલાણીએ કોળી સમાજના યુવાનોને ગાળો બોલતા બોલતા તેમની દુકાનમાંથી બેઝબોલના ધોકા ને લાકડીઓ લઈને કોળી સેનાના પ્રમુખ અને કોળી સમાજના યુવકો સહિતના લોકો ઉપર હુમલો કરી જાહેરમાં ગાળો બોલેલ હતી. જે પોલીસ તંત્ર અને વહીવટી તંત્રની હાજરીમાં બનાવ બનેલ હોય તે સમયનું વિડીયો રેકોર્ડિંગ પણ થયેલ છે જે રેકોર્ડિંગ બતાવે છે કે ફરિયાદીની ગાયત્રી આલુ ભંડારમાંથી હરિભાઈ વિઠલાણી તથા તેમનો પુત્ર બેઈઝ બોલના ધોકા અને લાકડીઓ લઈ કોળી સમાજના આગેવાનો ઉપર હુમલો કરતા જોવા મળે છે.

આ તમામ આધાર પુરાવા એકઠા કરીને કોળી સમાજના આગેવાનો દલિત સમાજના આગેવાનો અને મુસ્લિમ સમાજના આગેવાનો ઉપર જે ફરિયાદ નોંધાયેલ છે એ રદ કરવી અને હરિભાઈ વિઠલાણી અને તેમના પુત્ર વિરૂધ્ધ કોળી સમાજ સામે આભદ્ર ભાષાનો ઉપયોગ કરેલ તે અંગેની ફરિયાદ લેવા કોળી સમાજ દલિત સમાજ અને મુસ્લિમ સમાજના લોકોએ માંગણી કરી છે. જો ત્રણ દિવસમાં આ કાર્યવાહી નહિ કરવામાં આવે તો તમામ સમાજના લોકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ધરણા પ્રદર્શન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. ત્રણેય સમાજના લોકો કોળી સમાજની વાડી ખાતે એકઠા થયા હતા ત્યારબાદ શહેરમાં વિશાળ સંખ્યામાં ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં એક વિશાળ રેલી યોજી કોડીનાર મામલતદારને આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાનો આજે તા. ૧૬ જુલાઈએ જન્મદિવસ

## ગીર સોમનાથ જિલ્લામાં અનેકવિધ પગલાંઓ સક્રિયતાથી રેકોર્ડ બ્રેક કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ પાટણ તા. ૧૬

ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા આજ તા.૧૬ જુલાઈના રોજ જન્મદિવસ છે. જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે તા. ૧૬-૭-૧૯૬૮ ના રોજ જન્મેલા તેઓ ૧૯૯૬ ની બેન્ચના જીએએસ કેડરના બહોશ કર્મયોગી અને વહીવટી કુશળતા ધરાવતા અધિકારી છે. બીએસસી કેમેસ્ટ્રી સુધીનો તેજસ્વી અભ્યાસ ધરાવતા તેઓ આ અગાઉ વડોદરા જિલ્લા પુરવઠા અધિકારી, નખત્રાણા કચ્છ, જૂનાગઢ પ્રાંત અધિકારી, ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, લાઈવ હુડ કંપનીના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર, રાજકોટ શહેરી વિકાસ મંડળ રૂડાના મુખ્ય અધિકારી, મોરબી ડી.ડી.ઓ અને હાલ ગીર સોમનાથ જિલ્લા કલેકટર તરીકે કાર્યરત છે.

જિલ્લા કલેકટર એ જિલ્લાના આંખ અને કાન છે તે સૂત્રનું જીવંત ઉદાહરણ એવા તેઓએ જિલ્લાભરમાંથી સરકારી જમીનો ઉપરના ગેરકાયદેસર જંગી જમીનો દબાણ મુક્ત કરાવી છે. ગીરના ૧૬ ગામોનો વન વિભાગ સાથેનો પડતર વર્ષોનો પ્રશ્ન ઉકેલી અને વરસાદી નદીના પાણી નિકાલની જબરદસ્ત વ્યવસ્થાઓ કરી સદાય સ્ફૂર્તિ અને દરેક ગામડામાં પગપાળા ફરી જિલ્લામાં ક્યારેય ન હોય તેવી રેકોર્ડ બ્રેક કામગીરી કરનાર સુપેરે લાજવાબ કલેકટરશ્રીને તેમના જન્મદિવસ નિમિત્તે ઠેર ઠેરથી તેમના મોબાઈલ નં.૯૯૭૮૪૦૫૯૩૪ ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે.

# ઉના મહિલા કોલેજ ખાતે વૃક્ષારોણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
ઉના તા. ૧૬

"એક વૃક્ષ માતા ને નામ " અંતર્ગત મહિલા કોલેજ ઉનામાં વૃક્ષારોપણ તેમજ વૃક્ષના રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કોલેજની દિકરીઓએ વૃક્ષારોપણ કરી. દરેક પોતાના ઘરે એક વૃક્ષનો છોડ લઈ માતા સાથે વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શન પ્રોગ્રામ ઓફિસર ડો.મનોજ પંડયા હતા. પર્યાવરણને જીવંત રાખવાના આ ઉમદા કાર્યક્રમને કોલેજના પ્રિન્સિપાલ ડો.લલિત બારૈયાએ અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજથી ઓગસ્ટ સુધી આકાશમાં ઉલ્કા વર્ષાનો નજારો



## મધ્યરાત્રિથી ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો : દુનિયાભરમાં ૩૦ દિવસ સુધી અવકાશમાં ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો જોવા મળશે : તા.૨૯, ૩૦ અને તા.૩૧ જુલાઈના રોજ આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૬

દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૬૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૮ થી થી ૩૧ મી જુલાઈ અને ઓગસ્ટની તા. ૩, ૧૦ અને ૨૫ ના રોજ ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પરોઢે ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. જુલાઈ તા.૨૯, ૩૦ અને તા.૩૧ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ બળીને રાખ થશે. વધુમાં પંડયાએ જણાવ્યું કે ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષાની મહત્તમ દિવસ ચાર થી પાંચ હોય છે. મોડી રાતથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કા વર્ષા જોઈ શકાય છે. જુલાઈના અંતથી ઓગસ્ટના અમુક દિવસો સુધી ક્રમશઃ ઉલ્કા જોઈ શકાશે. નરી આંખે નર્જનિ જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરભંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તે જ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ - અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશમાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોના સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. ઉલ્કાનો નજારો જોવામાં ઘણીવાર નિરાશા સાપડે છે. સૂર્યપ્રકાશમાં પડે તે જોઈ શકાતી નથી. રાત્રીના નરી આંખે જોઈ શકાય છે. વધુમાં પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્યપ્રકાશના કારણે પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલહોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરિક્ષણ જરૂરી છે. ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કા વર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. જાથાનો પ્રયાસ લોકોને આકાશ તરફ નજર કરતા થાય. ખગોળીય ઘટનાનો અહેસાસ કરવા માનસમાં વાત મુકવી જેથી અવકાશી ઘટના તરફ લાવવા માટે રાજયભરમાં આયોજન જિલ્લા મથકોમાં અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવીભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ-ભુજ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, નડીયાદ, આણંદ, ખેડા, તાપી, વ્યારા, ડાંગ-આહવા, દાહોદ, મહીસાગર, ગોધરા, નર્મદા, છોટા ઉદયપુર, અરવલ્લી સહિત નજારો જોવા સંબંધી અભિયાન ચાલી રહ્યું છે. ઉલ્કા વર્ષા નજારા માટે વ્યવસ્થામાં અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નર્મળિ મેત્રા, નર્ભયિ જોશી, રાજુ યાદવ, અમિત ડાભી, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર, એડવોકેટ ભાવનાબેન વાઘેલા સહિત કાર્યકરો કરી રહ્યા છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયા નગરપાલિકા દ્વારા ઓટલા, ખપેડાનું ડિમોલીશન હાથ ધરાયું : થોડી જ કલાકોમાં પ્રમુખ દ્વારા રૂક જાવનો આદેશ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયા શહેરમાં લાંબા સમય બાદ ટ્રાફિકથી વ્યસ્ત વિસ્તારોમાં ઓટલા તેમજ ખપેડા દૂર કરવાનું ઓપરેશન નગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ કોઈ ચોક્કસ કારણોસર આ ઓપરેશન બપોરે અટકાવી દેવામાં આવ્યું હતું. જે મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બની રહ્યો છે. ખંભાળિયા શહેરનો વ્યાપ અને વિસ્તાર વધવા સાથે ટ્રાફિક પણ વધતો જતો હોય, શહેરમાં આવા રસ્તાઓ ઉપર નડતરરૂપ ઓટલા અને ખપેડાઓ જેવા દબાણો દૂર કરવા માટે શનિવારે સવારે નગરપાલિકાના સ્ટાફ તેમજ પોલીસ અધિકારીઓની ટીમ વિગેરે દ્વારા સંયુક્ત કામગીરી શરૂ કરવામાં આવી હતી. અહીંના મિલન ચાર રસ્તા વિસ્તારમાંથી જે.સી.બી., ટ્રેક્ટર જેવા સાધનોની મદદથી કેટલાક અનધિકૃત મનાતા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પાલિકા સુત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ થોડા સમય પૂર્વે માર્ગ આડે લારી-ગલ્લાઓ વિગેરેને દબાણો દૂર કરવા માટેની જે-તે આસામીઓને સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં પણ આ હુકમને અવગણી રાબેતા મુજબની પરિસ્થિતિ બની રહેતા શનિવારે સવારે અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, ટ્રાફિક પીએસઆઈ વી.એમ. સોલંકી નગરપાલિકાના ઈજનેર વિગેરે સાથેની ટીમ દ્વારા સાધનોની મદદથી ચાર રસ્તાથી શરૂ કરી અને તેલી નદીના પુલ આગળ સુધી રસ્તા ઉપર કાઢવામાં આવેલા વિવિધ પ્રકારના ઓટલા, ખપેડાઓ જેવા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. લાંબા સમય બાદ શહેરમાં હાથ ધરાયેલા ડિમોલિશનની કામગીરી જોવા ખૂબ મોટી સંખ્યામાં નગરજનો આ સ્થળે ઉમટી પડ્યા હતા. આ ઝુંબેશ શરૂ થયાના થોડી કલાકોમાં નગરપાલિકા પ્રમુખ દ્વારા સ્થળ ઉપર જઈ અને માનવીય અભિગમ દાખવી, ઓટલા-ખપેડાના દબાણ દૂર ન કરવા માટેની સૂચના આપવામાં આવતા આ કામગીરી અટકાવી દેવામાં આવી હતી. આ મુદ્દે વધુ વિગત મુજબ અનઅધિકૃત લારી-ગલ્લાના જ દબાણો દૂર કરવા માટેનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ સ્ટાફ દ્વારા ઓટલા-ખપેડા જેવા દબાણો દૂર કરવાનું શરૂ કરાતા કામગીરી અટકાવી દેવા માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે શહેરમાં બેફામ બની ગયેલા નાના-મોટા દબાણકર્તાઓ શહેરની રોનક ઝાંખી પાડી દે છે. આટલું જ નહીં, તંત્ર દ્વારા જ્યારે પણ દબાણ હટાવ ઝુંબેશ કરાય છે, તેના થોડા સમય પછી રાબેતા મુજબ જેવી પરિસ્થિતિ જોવા મળે છે. ત્યારે હવે શનિવારે કરાયેલી કામગીરી તેમજ સંભવતઃ આગામી દિવસોમાં હાથ ધરાનારી આ પ્રકારની ઝુંબેશ કેવી ફળદાયી નીવડશે તે તો સમય જ બતાવશે.

# કોડીનારનાં ઘાંટવડમાં આવેલા રૂદ્રેશ્વર મહાદેવ મંદિરે ૧૫૩ ફુટનું ત્રિશુલ સ્થાપન કરાયું

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૬

કોડીનારથી ૧૭ કિલો મીટર દૂર ઘાંટવડ ગામનાં શિંગોડા નદીના કિનારે આવેલા આવેલા રૂદ્રેશ્વર મહાદેવ મંદિરે ૧૫૩ ફૂટના ઊંચા ત્રિશૂલનું ગુપ્ત નવરાત્રિના આઠમા નોરતે બપોરે ૧૨:૩૯ વાગ્યે સ્થાપન કરવામાં આવ્યું છે. શ્રી રૂદ્રેશ્વર જાગીરભારતી આશ્રમના મહંત અને શ્રી પંચદશનામ જૂના અખાડા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઈન્દ્રભારતીબાપુએ જણાવ્યું હતું કે, ૨ ગુરૂદેવ પ્રેમભારતીબાપુએ રતીબાપુએ જ્યાં તેમના જીવનના સૌથી વધુ વર્ષ વિતાવ્યા તે ઘાંટવડમાં યંકુમતી નદીના કિનારે રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ પાસેના રૂદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે આ



ત્રિશૂલની સ્થાપના કરવામાં આવી છે. ૧૩૨ ફૂટના થાંભલા ઉપર ૨૧ ફૂટનું ત્રિશૂલ બનાવાયું છે. કુલ ઊંચાઈ ૧૫૩ ફૂટની છે. ગુજરાતમાં લીમડી પાસે આવેલા ભીમનાથ મહાદેવ મંદિરે સૌથી ઊંચું ૧૨૫ ફૂટના ત્રિશૂલની સ્થાપના કરાઈ હતી. જ્યારે નેપાળમાં ૮૧ ફૂટ ઊંચું ત્રિશૂલ આવેલું છે. ત્રિશૂલનું વજન ૪૫૦ કિલો છે તેમાં સ્ટીલ અને લોખંડનો ઉપયોગ કરાયો છે. કુલ વજન ૨૨૦૦ કિલો છે. જમીન ઉપર ૧૫ બાય ૧૫નું ફાઉન્ડેશન બનાવવામાં આવ્યું હતું અને તેમાં ૫ બાય ૫નો કોલમ બનાવાયો છે. ૩ સ્ટેપમાં કામ પૂરૂ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ ફાઉન્ડેશન, આરસીસી અને કોલમનું કામ કરાયું હતું. ત્યારબાદ ૧૩૨ ફૂટનો થાંભલો ઊભો કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેના ઉપર ૨૧ ફૂટના ત્રિશૂલનું સ્થાપન કરવામાં આવ્યું છે. એકલા ફાઉન્ડેશનનું કામ જ ૧ મહિનો ચાલ્યું હતું. ૧૦૦ વર્ષ સુધી મજબૂતી યથાવત્ રહે તે પ્રકારે કામકાજ કરવામાં આવ્યું છે ૧૨૦૦ મીમીના સ્ટડ નાખવામાં આવ્યા છે ૪ ફૂટના નટ બોલ્ટ છે - તેમાં કુલ ૨૭ નટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, હાલ જેને લોકો શિંગોડો નદી કહે છે તેનું સાચું નામ યંકુમતી નદી છે અને તેનો સ્કંદપુરાણમાં પણ ઉલ્લેખ છે. આ નદીના કિનારે પાંડવોએ રૂદ્રેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરી અને આ બાબતનો ઉલ્લેખ પણ અંદપરાણમાં હોવાનું મહંત શ્રી ઈન્દ્રભારતીબાપુએ જણાવ્યું હતું.

# ઉના ડે. કલેક્ટર અને મામલતદાર કચેરી ઉપર ઉના બાર એસોસિએશનએ લેખિતમાં કરેલ આવેદનપત્રનું જિલ્લા કલેકટર ક્યારે પાલન કરશે ?

## જિલ્લા કલેક્ટર જાડેજા કેમ કોઈ એમની નીચેના અધિકારી ઉપર એક્શન નથી લેતા ?

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૬

છેલ્લા ઘણા સમયથી ઉના ગુજરાતના ચોપડે ચડી ગયેલ છે પરંતુ સરકાર કોઈ પગલાં લેવાના મૂડમાં નથી લાગતું કે મલાઈ પોચતી હશે ! ગીર સોમનાથ જિલ્લા કલેકટર ઘણા સારા મૂડમાં દેખાય છે એવા સમાચાર છે પરંતુ ઉના ડે. કલેકટર કચેરી અને મામલતદાર કચેરી બંને ઉપર ઉના બાર એસોસિએશન દ્વારા લેખિતમાં આપેલ આવેદનપત્ર ઉપર ક્યારે તપાસ થશે ! જો આમાં ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો ACB થઈ શકે તેવું ચર્ચાઈ રહ્યું છે પરંતુ કોના રોટલા અભળાશે અને કોના નહિ એતો આવનારા દિવસો માં સામે આવશે સૂત્રો પાસેથી મળેલ વિગત મુજબ અગાઉ ઉના ડે. કલેકટર કચેરી ખાતે ACB એ છટકું ગોઠવેલ પરંતુ વચેટીયાઓ ફૂટી ગયેલ અને પોતાનું કામ કરાવી લીધેલના સમાચાર મળતા ACB થતા થતાં રહી ચુકેલ નહીતો લાંબી લટાર આવી ચુકેલ હોત પરંતુ આ વકીલ મંડળ એતો લેખિતમાં રજુવાત કરવા છતાં જિલ્લા કલેકટર જાડેજા કોઈ પગલાં લેતા નથી કે પછી બદલી કરીને મનને મનાવી લેવાશે અને ભ્રટાચાર ખુલ્લો પાડશે ! જો યોગ્ય તપાસ કરવામાં આવે તો ઉના મામલતદાર કચેરી અને ઉના પ્રાંત કચેરી બંને ના લાખો રૂપિયા લઈ અને કોભાંડ બહાર પડે તેવી સંભાવના છે.

# ખંભાળિયાની મહિલા સંસ્થાઓનો હરિયાળી ઝુંબેશમાં નોંધપાત્ર સહયોગ : મોટી સંખ્યામાં વૃક્ષો દતક લેવાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયા શહેરમાં તથા આસપાસના વિસ્તારમાં ૨૦૦૦ વૃક્ષોની હરિયાળી ઉભી કરવા માટે ગ્રીન ખંભાળિયા સંસ્થા દ્વારા ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. જેમાં શહેર તથા આસપાસના વિસ્તારોના તબીબો, વિવિધ એસોસિયેશન, આગેવાનો સહિત સૌ કોઈ વ્યક્તિઓ દ્વારા નોંધપાત્ર સહયોગ સાંપળી રહ્યો છે. આ ઝુંબેશમાં અહીંની મહિલા સંસ્થાઓ પણ આગળ આવી છે. ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને રઘુવંશી અગ્રણી જેમિનીબેન મોટાણીના વડપણ હેઠળ ચાલી રહેલી સંસ્થા રઘુવંશી મહિલા મંડળ બહેનોના સહયોગથી કુલ ૬૦ વૃક્ષો દતક લેવાની જાહેરાત કરવામાં આવી છે. આ સહયોગમાં રઘુવંશી મહિલા મંડળના પ્રમુખ અલકાબેન મોદી, સેક્રેટરી હેતલબેન સવજાણી, ટ્રેઝરર બ્રિન્દાબેન બરછા વિગેરેનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉપરાંત ખંભાળિયા મહિલા મંડળ દ્વારા પાંચ તેમજ લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સના બહેનો દ્વારા પણ ચાર વૃક્ષો દતક લેવાનો સહયોગ મળ્યો છે. જેને નગરજનોએ બિરદાવી સંસ્થા દ્વારા આભાર વ્યક્ત કરાયો છે. આ વચ્ચે મહત્વની બાબતો એ છે કે ખંભાળિયામાં ૨૦૦૦ વૃક્ષોના ટાર્ગેટને સિદ્ધ કરવા ગ્રીન ખંભાળિયાને સફળતા મળી રહી છે. ત્યારે આગામી નજીકના ભવિષ્યમાં આ અંગેની કામગીરી શરૂ કરવામાં આવશે.

# એક્સ ઉપર વડાપ્રધાનના ૧૦ કરોડ ફોલોઅર : ખંભાળિયાના કાર્યકરો દ્વારા આવકાર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડી અને દેશને ઊંચાઈના શિખરો સુધી પહોંચનારા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કાર્યશૈલીને દેશ-વિદેશના નેતાઓએ પણ વખાણી છે. સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ટ્વીટર હેન્ડલ (એક્સ) ઉપર ફોલોઅર ધરાવતા રાજકીય નેતાઓમાં નરેન્દ્રભાઈ મોદી ૧૦ કરોડ સાથે અગ્ર ક્રમે રહેતા ખંભાળિયા સહિત જિલ્લાના નેતાઓએ આ સિદ્ધિને પણ આવકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડિ ગઠબંધનના રાહુલ ગાંધીના ૨૬.૪ મિલિયન, કેજરીવાલના ૨૭.૫ મિલિયન અખિલેશના ૧૯.૯ મિલિયન ફોલોવર છે. જે તમામની તુલનામાં તેઓ કરતાં વધુ ફોલોઅર ૧૦૦ મિલિયન નરેન્દ્ર મોદીના છે. આ બાબતને ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, હાલારના સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, અનિલભાઈ તન્ના, ઈન્દ્રજીતસિંહ પરમાર, હસમુખભાઈ ધોળકિયા, મુકેશભાઈ કાનાણી, રેખાબેન ખેતિયા, અશોકભાઈ કાનાણી, ભવ્ય ગોકાણી, વિગેરેએ સોશિયલ મીડિયા ઉપર આવકારી તેમને અભિનંદન પાઠવ્યા છે.

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

શુદ્ધિપત્ર

લીઝિંગ પાર્સલ સ્પેસ કોન્ટ્રાક્ટ કેટલોગ નંબર LEASE-2024-06 તારીખ 15.07.24 ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ છે જેમાં ઈ-ઓક્શન તારીખ 05.07.2024 ના બદલે 22.07.2024 ના 11.00 કલાકે શરૂ થશે. 50

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ખંભાળિયા સહિતના વિસ્તારોમાંથી ઝડપાયેલા રૂા. ૬.૨૦ લાખના વિદેશી દારૂ ઉપર ફર્યું સરકારી બુલડોઝર



જામ ખંભાળિયા, તા. ૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા સહિતના વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા દેશી-વિદેશી દારૂ સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ દારૂ અંગેની ડ્રાઈવમાં ઝડપાયેલા વિદેશી દારૂના તોતિંગ જથ્થા ઉપર ગઈકાલે સોમવારે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જે અંતર્ગત અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટા, ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયા, ભાણવડના એમ.આર. સવસેટા, સલાયાના વી.એન. સિંગરખીયા, વિગેરે અધિકારીઓની ઉપસ્થિતિમાં છેલ્લા એક વર્ષ દરમિયાન ખંભાળિયા પંથકમાંથી ઝડપાયેલા રૂપિયા ૩,૬૯,૫૦૦ ની કિંમત ૯૮૨ બોટલ, ભાણવડ પંથકમાંથી ઝડપાયેલી રૂપિયા ૨,૧૦,૨૦૦ની કિંમતની ૬૪૩ બોટલ અને સલાયા વિસ્તારમાંથી ઝડપાયેલી રૂપિયા ૩૯,૩૮૦ ની કિંમતની ૧૫૬ બોટલ મળી, કુલ રૂપિયા ૬,૧૯,૫૪૦ ની કિંમતની વિદેશી દારૂની નાની-મોટી ૧૭૭૧ બોટલને અહીંના સરકારી ખરાબામાં ગોઠવીને તેના ઉપર બુલડોઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો.

# ગીરગઢડા લોહાણા સમાજનું ગૌરવ



ગીરગઢડા તા. ૧૬

ગીરગઢડા લોહાણા સમાજના અગ્રણી મેહુલ ઈલેક્ટ્રીકવાળા દુષ્યંતભાઈ સુબાની સુપુત્રી અમી સુબા સીએ પરીક્ષા ફાઈનલ પાસ કરી લોહાણા સમાજનું ગૌરવ વધારેલ છે. તેની સફળતા માટે સ્નેહીજનો તરફથી ખૂબ ખૂબ અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.

:: જાહેર નોટીસ ::

## અમારા કહયામાં નથી



અમારા અસીલ પરમાર મુકેશભાઈ મંગાભાઈ (રહે. વડોદર, તા. ધોરાજી-જી. રાજકોટ)ની સુચનાથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ સાથે બાજુમાં દર્શાવેલ ફોટાવાળા અમારા અસીલનાં પુત્ર પરમાર રમણીકભાઈ મુકેશભાઈ અમારા કહયામાં નથી. જેથી તેમની સાથે કોઈએ કોઈપણ જાતનાં આર્થિક, સામાજીક કે અન્ય વ્યવહાર કરવા નહીં. જો કોઈ વ્યવહાર કરશે તો તેમાં અમારી કોઈ જવાબદારી રહેશે નહી અને અમોને બંધનકર્તા રહેશે નહી. તેની સંબંધીતોએ નોંધ લેવા આથી જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

તૈયાર કરનાર
એસ.એન. મેનોન
(એડવોકેટ, જૂનાગઢ)

સહી : અવાચ્ય
મુકેશભાઈ મંગાભાઈ પરમાર

# તાજીયા ઝુલુસની પરમીટ મેળવવા માટે અરજદારોને ભારે હાલાકી : અધિકારીઓ ખો આપી રહયા છે

## ઝુલુસનાં રૂટ પર આવતી જર્જરીત ઈમારત ઉતારી લેવા કલેકટરનાં આદેશને પણ મનપાનાં સત્તાધિશોએ ઉલાળ્યો કરી નાંખ્યો !

જૂનાગઢ તા. ૧૬

હાલમાં જૂનાગઢ શહેર જીલ્લામાં મહોરમનો તહેવાર મનાવવામાં આવી રહયો છે. જેમાં તાજેતરમાં કલેકટરશ્રીનાં અધ્યક્ષ સ્થાને સંબંધીત અધીકારીઓ અને મહોરમ-તાજીયા સમીતીનાં સદસ્યો સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં લેવાયેલ નિર્ણય મુજબ તાજીયા ઝુલુસનાં રૂટ પર આવતી જર્જરીત ઈમારતને ઉતારી લેવા સુચના આપવામાં આવી હતી. પરંતુ તેનો અમલ મનપા તંત્રએ કરેલ નથી તેવી ફરીયાદો ઉઠી છે. બીજી તરફ તાજીયા ઝુલુસની મંજુરી મેળવવા માટે અરજદારોને મુશ્કેલી ન પડે તે જોવા ખાસ તાકીદ કરવામાં આવી હતી. પરંતુ જુની મંજુરી હોવા છતાં નવી મંજુરી ઈસ્યુ કરવામાં અધિકારીઓએ વિના કારણે વાંધા ઉઠાવી મંજુરી આપવામાં વિલંબ કરેલ છે. આજે અને આવતીકાલે તાજીયાના ઝુલુસ હોય આજે બપોર સુધી મંજુરી માટે અરજદારો ધકકા ખાઈ રહયા છે. તાજીયા શબીલની જુની પરવાનગી હોય તો જ પરમીટ આપવી તેવો કલેકટરશ્રીનાં જાહેરનામામાં કોઈ જ ઉલ્લેખ નહીં હોવા છતાં ખોટુ અર્થઘટન કરવામાં આવે છે. એટલું જ નહીં મંજુરી આપવાનાં સમયે જ જૂનાગઢનાં પ્રાંત અધિકારી રજા ઉપર ઉતરી જતાં ઝુલુસની પરમીટ ઉપર સહી નહી થતાં આજે સવાર સુધી અરજદારોને પરમીટ મળી ન હતી જેથી ભારે નારાજગી વ્યાપી ગઈ છે. વહીવટી તંત્ર અને પોલીસ તંત્રનાં નીચેનાં અધિકારીઓ-કર્મચારીઓ એકબીજાને ખો આપી રહયા છે જેથી પરમીટ મેળવવામાં ભારે વિલંબ થયો છે. એટલું જ નહી તાજીયાનાં રૂટ પર એક સ્થળે જર્જરીત ઈમારતની રજુઆત થઈ હોવા છતાં મનપા તંત્રએ કાર્યવાહી નહી કરતા જો કોઈ અકસ્માત સર્જાયો હોય તો જવાબદારી કોની ? તેવો સવાલ ઉઠયો છે. આ બાબતે કોમી એકતા અને રાષ્ટ્રીય એકતા સમીતીનાં બટુકભાઈ મકવાણા, સોહીલ સીદીકી, અશ્વીનભાઈ મણીયાર, મુન્નાબાપુ દાતારવાળા, વહાબભાઈ કુરેશી વગેરેએ મુખ્યમંત્રીશ્રીને પત્ર પાઠવી રજુઆત કરેલ છે.

# ભાજપ શાસિત જૂનાગઢ મનપાનાં વર્તમાન કોર્પોરેટરોથી નારાજ મતદારો ચુંટણી વખતે ''જોરદાર સ્વાગત'' કરવા તૈયાર

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ મનપાની મુદત ૩૧ જુલાઈએ સમાપ્ત થઈ રહી છે ત્યારે વહીવટદાર શાસન હવે નિશ્ચિત બની ગયું છે. પરંતુ આગામી ત્રણ-ચાર માસમાં જૂનાગઢ મનપાની ચુંટણી યોજાશે જે માટે રાજકીય પક્ષો અને ઉમેદવારોમાં સળવળાટ છે. પરંતુ ભાજપ શાસિત જૂનાગઢ મનપામાં તમામ ૧ થી ૧૬ વોર્ડનાં નાગરીકો એટલી હદે કંટાળી ગયા છે કે હવે જો કોઈપણ કોર્પોરેટર મત માંગવા આવે તો તેમની જોવા જેવી વલે કરવા મતદારોએ ગાંઠવાળી લીધી છે.

જાણકાર સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢની જનતા વર્તમાન કોર્પોરેટરો અને તેમનાં ભ્રષ્ટાચાર, અણઆવડત અને બેફામ બેદરકારીથી એટલી હદે કંટાળી ગયા છે કે તેઓ જયારે મત માંગવા આવશે ત્યારે ''જોરદાર સ્વાગત'' કરવામાં આવશે તે નકકી છે. વોર્ડનાં નાગરીકો ચુંટણી જાહેર થાય અને ઉમેદવારો તેમનાં દ્વારે મતની ભીખ માંગવા આવે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં આ કોર્પોરેટરોનાં કારણે નાગરીકોએ જે હાલાકી ભોગવી છે તેનો હિસાબ-કિતાબ કરવા માટે તૈયારી કરી રહયા છે. અને આ વખતની ચુંટણીમાં તદન નકારાત્મક મતદાન થાય એટલે કે વર્તમાન કોર્પોરેટરો સામે ભારે રોષ હોય જેઓ તેઓને પક્ષ દ્વારા રીપીટ કરાશે તો મતદારો ધોબી પછડાટ આપશે તેવું જૂનાગઢ મનપાની ચુંટણી વખતે ચિત્ર ઉપસી આવશે તેવું લોકો જણાવી રહયા છે.

# કેશોદમાં બંધ મકાનોમાં તસ્કરોનો તરખાટ રૂા.૧.૫૪ લાખના મુદામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

કેશોદ-જૂનાગઢ રોડ પર આવેલ પ્રેરણાધામ સોસાયટી વિસ્તાર આવેલ બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવી રૂા. ૧.૫૪ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે રાજુભાઈ કાનાભાઈ સરવૈયાએ ફરીયાદમાં પાંચ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ગઈકાલે મોડી રાત્રીના અજાણ્યા પાંચ શખ્સોએ ફરીયાદી તથા સાહેદોના બંધ મકાનોના દરવાજા તોડી અંદર પ્રવેશ કરી ફરીયાદીના મકાનમાંથી સોના-ચાંદીનાના દાગીના કિ.રૂા.૧,૨૯,૫૦૦ તેમજ સાહેદ ઈમ્તીયાજ અબ્દુલભાઈ શેતાના મકાનમાંથી ૧૭૦૦૦ તેમજ સોના-ચાંદીના દાગી કિ.રૂા.૨૫૨૦૦ની ચોરી કરી ગયેલ જયારે સાહેદ મુકેશકુમાર નાનાલાલ જોષી અને ચંદ્રકાંતભાઈ ગૌરીશંકરભાઈ જોષીના બંધ મકાનોને તોડવાની કોશિષ કરેલ હતી. આમ, કુલ ૧,૫૪,૭૦૦ના મુદામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ઓડેદરાએ હાથ ધરી છે.

# વધાવી ગામે દાજી જતા મહિલાનું સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ તાબેના વધાવી ગામે રહેતા મહિલા તાપણામાં ડીઝલ નાખવા જતા ગંભીર રીતે દાજી જતા સારવાર દરમ્યાન મોત થયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કાનાભાઈ ખીમાભાઈ જોગલે જાહેર કરેલ કે આજથી પચીસેક દિવસ અગાઉ પોતાના મૃતક પત્ની ઉશાબેન (ઉ.વ.૪૭)વાળાઓ પાઈપલાઈનનો સાંધો કરતા હતા તે દરમ્યાન પાઈપ ગરમ કરવા તાપ કરેલ જેમાં ઉષાબેન ડીઝલ નાખવા જતા અચાનક પવન આવતા ડીઝલના કેનમાં આગ લાગતા ઉષાબેનના શરીરે પણ આગ લાગી જતા ગંભીર રીતે દાજી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# આરટીઓમાં બોગસ બીલ રજુ કરનાર કામધેનુ-પીયાગો મોટર કંપનીનાં માલીક, મેનેજરને જૂનાગઢની અદાલતનું તેડું

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢમાં રહેતા જાવેદખાન ઉમરખાન પઠાણે પીયાગો રીક્ષાની ખરીદી કરી હતી જેમાં કામધેનુ મોટર પીયાગો મોટર કંપનીનાં શો રૂમમાંથી પીયાગો રીક્ષાની ખરીદી કરેલ જેમાં મોટર કંપનીનાં માલીક તથા મેનેજરે આરટીઓ જૂનાગઢમાં બોગસ બીલ રજુ કરતા અને ગ્રાહક જાવેદખાન સાથે છેતરપીંડી આચરતા જેની અદાલતમાં ફરીયાદ થતાં અદાલતે મોટર કંપનીનાં શો રૂમનાં મેનેજર તથા માલીકને જવાબ આપવા અદાલતમાં હાજર રહેવા ફરમાન કરેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, જૂનાગઢમાં રહેતા જાવેદખાન ઉમરખાન પઠાણ દ્વારા કામધેનુ મોટર પીયાગો કંપનીના શોરૂમમાંથી સને ૨૦૧૭માં પીયાગો રિક્ષા લીધેલ હતી જેમાં કંપની દ્વારા ગ્રાહકને આપવાની નકલમાં મૂળ કિંમત રૂા.૧,૪૧,૩૨૮/- નફા સાથેની અને બાદ તેમાં ટેકસ તથા આરટીઓ વીમો પાસિંગ મળી કુલ રકમ રૂા.૧,૯૮,૧૦૦/- કંપનીએ લીધેલા તથા અન્ય બીજું આવું જ બોગસ બીલ બનાવેલ જેમાં પીયાગો રીક્ષાની મુળ કીમત રૂા.૧,૧૪,૫૬૦/- તથા ટેક્સ મળી કુલ રૂ. ૧,૪૬,૩૬૩/- નું બીજું બિલ બનાવવામાં આવેલું જે બંને બીલોમાં રૂા.૫૧,૪૬૪/- નો ફેરફાર આવતો હોય, તેથી છેતરાયેલ ફરિયાદી જાવીદખાને તાલુકા પોલીસમાં ફરિયાદ કરેલી જેમાં પોલીસે ફરિયાદ ન લેતા જાવિદ ખાન પઠાણે જૂનાગઢના નામદાર ચીફ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલી જે ફરિયાદ ચાલી જતા નામદાર ચોથા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી ધોળકિયાએ ભારતીય દંડ સહિતાની કલમો - ૪૬૫, ૪૬૭, ૪૭૧, અને ૪૦૬, ૪૨૦ મુજબ બોગસ દસ્તાવેજો બનાવીને આરટીઓ જુનાગઢમાં ખરા તરીકે આરોપીઓએ ઉપયોગ કરેલ હોય, તેથી તેમની સામે છેતરપિંડી તથા બોગસ દસ્તાવેજો બનાવવાના કારસ્તાન આચરેલ હોય તેવું પ્રથમ દર્શનીય માની આરોપી મનીષકુમાર મદનલાલ જૈન રહે અમદાવાદ તેમજ ધીરજલાલ બોઘજીભાઈ સરવૈયા રહે જુનાગઢ વાળા વિરૂધ્ધ તોહમત ફરમાવેલ છે અને આ કેસમાં જૂનાગઢના ધારાશાસ્ત્રી હસમુખભાઈ મારૂની દલીલોને ધ્યાને લઈને બંને આરોપીઓને નામદાર અદાલત સમક્ષ તહોમત નામાનો જવાબ દેવા સારું હાજર રહેવા ફરમાન કરતો હુકમ કરવામાં આવેલ છે જેથી બોગસ બીલો બનાવતી કંપનીઓમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

## દોલતપરામાંથી જાહેરમાં જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે દોલતપરા વિસ્તારમાં આવેલ કાંતી મસાલાના કારખાનાની પાછળના ભાગે ગલીમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા. ૧૬૩૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.






# રાણપુર નજીક પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા રાખી યુવકને મારમાર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૧૬

ભેસાણ જૂનાગઢ રોડ પર રાણપુર ગામ નજીક પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા રાખી બાઈક પર જઈ રહેલ યુવકને રોકી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ભેંસાણ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે અલ્પેશભાઈ વજુભાઈ સરવૈયાએ ફરીયાદમાં આરોપી તરીકે સંજયભાઈ ડામોર રહે.ખલીલપુર રોડવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી પહેલા ફરીયાદી સાથે હિરા ઘસવાનુ કામ કરતો અને તે બીજા કારખાનામાં હિરા ઘસવા જતો રહેલ જેથી આરોપીની સાથે ફરીયાદીને ઓળખાણ હોય અને આરોપીની પત્નીને પણ હિરા ઘસવાનુ કામ કરવુ હોય અને આરોપીએ તેની પત્નીને હિરા ઘસવાનુ કામ સીખવા ફરીયાદી પાસે મોકલેલ હોય અને આરોપીની પત્ની હિરા ઘસવાનુ કામ સીખવા ફરીયાદી પાસે જતા અને આરોપીની પત્ની ફરીયાદીને કામ બાબતે ફોન કરતી હોય જે બાબતે આરોપીએ ફરીયાદીને આરોપીની પત્ની સાથે આડા સબંધ હોવાની શંકા રાખી ત્યાં જઈ અગાઉ ફરીયાદી સાથે બોલચાલી કરેલ હતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હતી જેથી ફરીયાદી જૂનાગઢથી તેનુ કામ મુકી ભેસાણ હિરા ઘસવાનુ કામ કરવા આવતો રહેલ અને ભેસાણથી રોજ તેના ગામે અપડાઉન કરતો હોય અને ગઈકાલે ફરીયાદી તેના કામ પરથી ઘરે જતો હતો અને આશરે પાંચ સવા પાંચેક વાગ્યે રાણપુર ગામ વટતા આરોપી ફરીયાદીને સામે મળેલ અને ફરીયાદીને જોઈ જતા તેની ગાડી ફરીની ગાડી આડે રાખી ફરીયાદીને રોકી ફરીયાદી ઉપર આરોપીની પત્ની સાથે વાતચીત કરતો હોવાની શંકા રાખી, આરોપીએ ફરી સાથે બોલાચાલી ઝગડો કરી ફરી ને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ફરી ને શરીરે તથા મોઢા ઉપર ઝાપટો અને ઢીકાનો મુંઢમાર મારી ફરીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા અંગેની ફરીયાદ નોંધાવતા ભેંસાણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.






# રાજગોર બ્રાહ્મણ સેવા મંડળ દ્વારા ૧૫૦ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

રાજગોર બ્રાહ્મણ સેવા મંડળ દ્વારા વિદ્યાર્થી ભુવન ગાંધીગ્રામ ખાતે પુ. મુકતાનંદબાપુના આર્શીવાદ ધો.૧થી ૧૨ના સમારંભ યોજાયો હતો. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને પુ. નિલકંઠ ચરણ દાસજી સ્વામી, પુ. જોષી બાપા, શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, પત્રકાર વિનુભાઈ જોષી સહિત સમાજ શ્રેષ્ઠીઓના હસ્તે પ્રમાણપત્ર, શિલ્ડ આપી સન્માનીત કરાયા હતા. જેમાં કેન્દ્રીય વિદાલય જૂનાગઢ ખાતેથી ધો.૧૦માં ૭૭ ટકા મેળવવાની સાથે મૌલિક કુમાર મહેતાએ સમાજને સેવાના રૂપમાં કંઈક શ્રેષ્ઠ આપવાના ઉમદા લક્ષ્ય સાથે ધો.૪થી શરૂ કરીને ૭ વર્ષની સતત મહેનતના ફળ સ્વરૂપે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડની સફરમાં ક્રમશ તમામ સોપાનો સર કરીને ગુજરાત રાજયના અમદાવાદ રીજીયનની ૪૭ કેન્દ્રીય વિદ્યાલયમાંથી પસંદગી પામેલ કુલ ૧૦૦ સ્કાઉટમાંથી રાજય પુરસ્કાર કેમ્પમાં રાજયકક્ષાએ પ્રથમ ક્રમાક મેળવી કેન્દ્રીય વિદ્યાલય જૂનાગઢની સ્થાપના થઈ ત્યારથી આજ દિન સુધીમાં પ્રથમવાર ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ રાજય પુરસ્કાર મેળવનાર સ્કાઉટ તરીકે કેન્દ્રીય વિદ્યાલય જૂનાગઢ શાળા પરિવારનું તથા કુટુંબ પરિવારનું નામ રોશન કરેલ છે અને હાલ કેન્દ્રીય વિદ્યાલય રાજકોટ ખાતેથી ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ રાષ્ટ્રીય પુરસ્કાર માટે નોમિનેટ થવા બદલ તેઓનું પુ. નિલકંઠ ચરણદાસજી સ્વામીએ સન્માન કરી આશિવર્દ આપેલ તેમજ જૂનાગઢ કેન્દ્રીય વિદ્યાલય ધો.૧૨માં ૯૧ ટકા મેળવનાર રિયા વરૂણભાઈ ભરાડનું શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડના હસ્તે અને ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને સંતો, આગેવાનો ઉપરાંત પત્રકાર, જયશેભાઈ ભરાડ, સી.વી. જોષી, ભાનુભાઈ જોષી, એડવોકેટ શશીકાંતભાઈ બોરીચાંગર સહિતનાએ બિરદાવ્યા હતા. તેમજ રાજગોર સમાજ માટે વોટસએપ ગ્રુપના માધ્યમથી અનેકના વેવિશાળ કરાવનાર રજનીભાઈ મહેતાનું પણ સન્માન કરાયું હતું. ઉપરોકત તસ્વીરમાં દિપ પ્રાગટય કરી વિદ્યાર્થીઓને સન્માનિત કરતા પુ. સંતો આગેવાનો તેમજ પુ. નિલકંઠ ચરણ સ્વામીનું સન્માન કરતા રાજગોર બ્રાહ્મણ સેવા મંડળના અધ્યક્ષ કિશોરભાઈ પાઠક, પ્રમુખ હરેશભાઈ પંડયા અને તેની સમગ્ર ટીમ નજરે પડે છે. કાર્યક્રમનું સંચાલન એલ.વી. જોષી તથા વિજયભાઈ જોષીએ કરેલ અને આભારવિધી હરેશભાઈ પંડયાએ કરી હતી.